+

FILE NAME - BA20S002 . GCO

# બેકિંગ અને વીમાનાં મૂળતત્ત્વો

પાન નં ૮૫

( ૧૪ ) જીવન – મિત્ર પોલિસી ( Jeevan - Mitra Policy ) :

બેવડા લાભવાળા હયાતીના વીમાનો નવો કોઠો એટલે જીવન – મિત્ર પોલિસી .
આ પોલિસી હેઠળ વીમાની મુદત પહેલાં વીમાદારાનું અવસાન થાય તો જીવન –
વીમાનું રક્ષણ બેવડું કરવામાં આવે છે . અન્યથા પાકવાની મુદતે બોનસ સહિત વીમાની
મૂળ રકમ ચૂકવવામાં આવે છે . દા . ત . , એક વ્યક્તિએ જીવનવીમાની રૂ . ૧ , ૦૦૦
ની પોલિસી કઢાવી હોય અને પાકવાની મુદત પહેલાં તેનું અવસાન થાય તો
રૂ . ૨ , ૦૦૦ ચૂકવાય છે . કોઈ પણ પુરુષ યા સ્ત્રી જેની ઉંમર ૧૮ વર્ષની હોય
પરંતુ ૫૦ વર્ષથી વધુ નહિ , તેઓ આ પોલિસીનો લાભ લઈ શકે છે . આ
પોલિસીની મુદત ૧૫ , ૨૦ કે ૨૫ વર્ષની હોય છે અને ઓછામાં ઓછી
રૂ . ૫ , ૦૦૦ અને વધુમાં વધુ રૂ . ૧ નું જો વધારે પ્રીમિયમ ભરાય તો આક –

સ્મિક મૃત્યુ લાભ અને અપંગતાનો લાભ વીમાદાર લઈ શકે છે . જો વીમાદારાનું
મૃત્યુ અકસ્માતથી થાય તો વીમા રકમ કરતાં ત્રણ ગણી રકમ ચૂકવાય છે .

( ૧૫ ) જન – રક્ષા પોલિસી ( Jana - Raksha Policy ) :

ખેડૂતોની અસ્થિર આવક અને તેઓ સતત પ્રીમિયમ ન ભરી શકે તેવી
શક્યતાને ધ્યાનમાં લઈને જીવીકોએ ૧૯૮૧ માં આ જન – રક્ષા પોલિસી બહાર
પાડી છે . આ પોલિસીની વિશિષ્ટતા એ છે કે જો ઓછામાં ઓછા ૨ વર્ષના
પ્રીમિયમો ભરપાઈ થયા બાદ અને તે પછી વધુમાં વધુ ૩ વર્ષનો પ્રીમિયમો
ભરવામાં કસુર થાય તો ટૂંક મુદત માટે વીમાનું રક્ષણ ચાલુ રહે છે , પરંતુ
પહેલા પ્રીમિયમ સાથે એકસામટું વધારાનું પ્રીમિયમ વસૂલ લેવામાં આવે છે .
ખાસ કરીને જે વર્ષે ખેડૂતોની આવક સારી હોય તો તેઓ આ પોલિસી લઈને
ભાવિને સુરક્ષિત કરી શકે છે . પોલિસી ફક્ત રૂ . ૫ , ૦૦૦ રૂ , ૧૦ , ૦૦૦ અને
રૂ . ૧૫ , ૦૦૦ માટે જ આપવામાં આવે છે અને એક જ જીવન ઉપર વીમાની
કુલ રકમ વધુમાં વધુ રૂ . ૧૫ , ૦૦૦ નો વીમો લઈ શકાય છે . આ પોલિસી ફક્ત

પુરુષ વ્યક્તિઓને જેની વય ઓછામાં ઓછી ૧૮ વર્ષ અને વધુમાં વધુ ૪૦ વર્ષ
છે તેમને મળી શકે છે અને પોલિસીની મુદત ૧૦ , ૧૨ અને ૧૫ વર્ષની હોય
છે . આ પોલિસીમાં નફા સાહિતની હયાતીની વીમા પોલિસીના અને અકસ્માતના
લાભનો પણ સમાવેશ થાય છે .

( ૩ ) પોસ્ટલ વીમા યોજના

ચીજવસ્તુના વીમા ઉપરાંત ટપાલખાતાની પોતાની જીવનવીમા યોજના છે
શરૂઆતમાં આ યોજના ટપાલખાતાના કર્મચારીઓ પૂરતી જ મર્યાદિત હતી .
પરંતુ પાછળથી સરકારી કર્મચારીઓ , યુનિવર્સિટી , સરકાર માન્ય શાળા કે કોલેજ ,



નગર પંચાયત , જિલ્લા પંચાયત , રિઝર્વબેંક , સ્ટેટબેંક ઓફ ઈન્ડિયા વગેરેના
કાયમી કર્મચારીઓ પણ તેમાં જોડાઈ શકે તેવી વ્યવસ્થા છે . પોલિસી રૂ . ૧૦૦
કે તેના ગુણાકમાં વધુમાં વધુ રૂ . ૫૦ , ૦૦૦ સુધીની લઈ શકાય છે .

લક્ષણો : ( ૧ ) જીવનવીમા કાર્પોરેશનની સરખામણીના પોસ્ટલ વીમાના
પ્રીમિયમના દરો નીચા છે , તેના પર વળતર પણ

આપવામાં આવે છે . ( ૨ ) યુદ્ધ ,
અકસ્માત , હવાઈ ઉડ્ડયન વગેરે જોખમો અંગે તેમાં વધારાનું પ્રીમિયમ લેવાતું
નથી . ( ૩ ) પોસ્ટલ જીવનવીમાના બોનસના દરો પણ કંઈક અંશે
ઊંચા છે .
( ૪ ) વીમો પાકતા વીમાની રકમ અને બોનસ બંને વીમાદારને કે તેના વારસ –
દારોને પ્રાપ્ત થાય છે . ( ૫ ) વીમાના પ્રીમિયમની રકમ પોસ્ટ ઓફિસમાં રોકડેથી
ભરી શકાય છે અથવા અમુક કર્મચારીઓના પગારમાંથી બારોબાર કપાઈ જાય
તેવી વ્યવસ્થા પણ હોય છે . કાબૂ બહારના સંજોગોને કારણે પગાર મળી ન શક્યો
હોય તો તે અંગે વધારાનો ચાર્જ વસૂલ કરવામાં આવતો નથી . ( ૬ ) પોસ્ટલ
વીમા ઉપર લોન પણ મળી શકે છે . લોનની રકમ ભરપાઈ થવી જ જોઈએ તેવો
આગ્રહ વીમો પાકે નહિ ત્યાં સુધી રરાખવામાં આવતો નથી . ( ૭ ) વીમાની રકમની
ચુકવણી પણ તદ્દન સરળ છે . વીમાની પોલિસીમાં નોમિનેશન થઈ શકે છે તેમ જ
એસોઈનમેન્ટ પણ થઈ શકે છે . આને કારણે વારસા સર્ટિફિકેટ વગર વીમાની ચુકવણી
થઈ શકે છે . પોસ્ટલ વીમા અંગે તમામ જરૂરી મદદ નજીકની પોસ્ટ ઓફિસથી
પ્રાપ્ત કરી શકાય છે . પોસ્ટલ જીવનવીમાના લાભ કે સગવડો નીચે પ્રમાણે છે :

( ૧ ) બંધ પડેલ પોલિસી ફરીતી શરૂ કરવાની શરતો ઉદાર છે .

( ૨ ) ત્રણ વર્ષ બાદ પ્રીમિયમ ન ભરી શકાય તો પોલિસીને પેઈડ અપ
ગણી ચાલું રાખવામાં આવે છે .

( ૩ ) પોલિસી અંગે અને લોન બોન્ડ અંગે સ્ટેમ્પ ડ્યુટી જરૂરી નથી .

( ૪ ) ઈન્કમટેક્ષમાંથી પ્રીમિયમની રકમ અંગે રિબેટ મળે છે .

( ૫ ) પ્રથમ પ્રીમિયમ ભરાવાથી જોખમ ચાલું થાય છે .

( ૬ ) એક પ્રકારની પોલિસીમાંથી બીજા પ્રકારની પોલિસીમાં રૂપાંતર કરી
શકાય છે . ભવિષ્યનું પ્રીમિયમ પણ અમુક શરતોને આધીન બદલી શકાય છે .

( ૭ ) વીમાદાર વીમો લીધા બાદ નોકરીમાં ચાલુ ન હોય તો પણ પોલિસી
ચાલુ રહી શકે છે .

પાન નં ૯૩

( ૨ ) જીવનવીમા પોલિસીની શરતો :

વીમા પોલિસીમાં ૫ પ્રકારની શરતો જોવા મળે છે :

( અ ) પ્રીમિયમ અંગેની શરતો

( બ ) વીમાદાર સંબંધી શરતો

( ક ) ચાલુ  પોલિસી અંગેની શરતો



( ડ ) જપ્ત થયેલી પોલિસી અંગેની શરતો

( ઈ ) દાવાની પતાવટ અંગેની શરતો

**( અ ) પ્રીમિયમ સંબંધી શરતો :**

**( ૧ ) જોખમની શરૂઆત ( Commenement of Risk ) :** વીમા સંસ્થાએ મોકલેલ સ્વીકારપત્ર ફક્ત જાણકારી પત્ર હોય છે અને તેના દ્વારા કોઈ રક્ષણ મળતું નથી .  જ્યાં સુધી પ્રથમ પ્રીમિયમ  ન ભરાય ત્યાં સુધી વીમાને કરાર અસ્તિત્ત્વમાં આવતો નથી  અને  ત્યાં સુધી જોખમની શરૂઆત થતી નથી .

**( ૨ ) પ્રીમિયમ :** વીમાદારે ભરવું પડતું પ્રીમિયમ અમુક  ચોક્કસ દરે  નક્કી થતું હોય છે . પ્રીમિયમનો દરપ  હંમેશાં દર હજારે દર વર્ષે

અમુક રૂપિયા એ રીતે
નક્કી થયેલો હોય છે અને વીમાદારે પ્રમાણસર પ્રીમિયમ ભરવું પડે છે . પ્રીમિયમની
ગણતરી વાર્ષિક દરે થતી હોવા છતાં સવલત માટે વીમાદાર છ મહિને , ત્રણ
મહિને અતવા દર મહિનાના નાના હપતા ભરી શકે છે . જો વાર્ષિક પ્રીમિયમ ભરાય
તો ૭૫ પૈસા અને છ માસિક ભરાય તો ૫૦ પૈસા દર હજારે
પ્રીમિયમમાંથી
કાપી આપવામાં આવે પણ જો માસિક પ્રીમિયમ ભરાય તો પ્રીમિયમમી રકમ
વત્તા ૫ % ભરવા પડે છે .

જજો વાર્ષિકને બદલે છ માસિક કે એવા કોઈ પણ હપતાથી પ્રીમિયમ ભરાતું
હોય તો જ્યારે વીમાદદારનું અવસાન થાય ત્યારે તે વર્ષના જે બાકી રહ્યા હોય
તે હપતાની રકમ વીમા રકમમાંથી કાપી લેવાય .

( ૩ ) છૂટના દિવસો ( Days of Grace ) : પ્રથમ પ્રીમિયમ ભર્યા પછી
જોખમ શરૂ થાય છે અને તેને ચાલુ રાખવા માટે જે તારીખે પ્રથમ પ્રીમિયમ
ભર્યું હોય તે તારીખે વીમો લેનારે દર વર્ષે અથવા છ માસિક , ત્રણ માસિક કે
માસિક હપતા પૈકી જે પદ્ધતિ પસંદ કરી હોય તે પ્રમાણે પ્રીમિયમ ભરવું

પડે છે અને જો આમ કરવામાં ચૂક થાય તો વીમો લેનાર મુશ્કેલીમાં મુકાઈ
જાય . આ મુશ્કેલી નિવારવા વીમા સંસ્થા ૩૦ દિવસો છૂટના દિવસો તરીકે આપે
છે . પરંતુ જો દર મહિને પ્રીમિયમ ભરાતું હોય તો ફક્ત ૧૫ દિવસ આપવામાં
આવે છે અને મોડામાં મોડું આ છૂટના દિવસો સુધીમાં પ્રીમિયમ ભરી
દેવું જોઈએ .

છૂટના છેલ્લા દિવસે જો રવિવાર અગર જાહેર તહેવારની રજા આવતી હશે
તો મોડામાં મોડું તે રજાના દિવસ પછીના દિવસે પ્રીમિયમ ભરાઈ જવું જોઈએ .

જો છૂટના દિવસો દરમિયાન પ્રીમિયમ ન ભરાયું હોય અને વીમો લેનારનું
મૃત્યુ થાય તો કોર્પોરેશન પ્રીમિયમની રકમ કાપી લઈ ને બાકીની વીમા રકમ
તેના વારસદારને ચૂકવે છે .



( ૪ ) પ્રીમિયમ નોટિસ : પ્રીમિયમ ભરવાનું ભૂલી ન જાય તે માટે વીમા
કોર્પોરેશન નિયમિત રીતે પ્રીમિયમ ભરવાની તારીખની ખબર લેખિત નોટિસ
દ્વારા આપે છે . માસિક હપતા માટે આવી ખબર આપવામાં આવતી નથી . આથી

વીમો લેનારનું પ્રીમિયમ ભરવાનું ભુલાઈ ગયું એવું બહાનું ચાલતું નથી .

( બ ) વીમાદાર સંબંધી શરતો : વીમો લેનાર સંબંધી શરતો નીચે મુજબ છે :

( ૧ ) ઉંમરની સાબિતી : જીવનવીમામાં વ્યક્તિની ઉંમર જોખમનું પ્રમાણ નક્કી કરવામાં અગત્યનો ભાગ ભજવે છે . તેથી ઉંમર મહત્ત્વની હકીકત છે , જેના આધારે વીમો આપવો કે નહિ અને આપવો તો કયા પ્રીમિયમના દરે આપવો એ નક્કી થાય છે . જેમ ઉંમર નાની તેમ ઓછા પ્રીમિયમ હોવાથી દરેક વ્યક્તિને પોતાની ઉંમર ઓછી બતાવવાની ઈચ્છા થાય . પરંતુ કોઈ ખોટી માહિતી ન અપાય તે માટે વીમો લેનાર પાસેથી ઉંમરની સાબિતી માટે જરૂરી પુરાવો માંગ - વામાં આવે છે .

જો વાસ્તવિક ઉંમર દર્શાવેલ ઉંમર કરતાં વધુ હોય તો વીમા રકમ પ્રમાણસર ઘટાડવામાં આવે છે અને જો ઉંમર ઓછી હોય તો પ્રીમિયમ તફાવત ભાવી પ્રીમિયિમમાં અથવા રકમમાં ઉમેરી દેવામાં આવે છે .

( ૨ ) આપઘાત કલમ ( Suicide Clause ) : આ

કલમ  હેઠળ  જો
વીમો લેનાર વીમો લીધા બાદ  એક  વર્ષની મર્યાદામાં
આપઘાત કરે તો તેના
વારસદારને પ્રીમિયમની રકમ જ પરત કરવામાં આવે છે .

આ કલમ દાખલ  થવાથી નૈતિક જોખમનો ભય ઓછો
થાય છે  અને
જિંદગીનો ખોટી રીતે અંત લાવવાને  માટે ઉત્તેજન મળતું
નથી અને તેના
વારસદારો ખોટી રીતે મુશ્કેલીમાં મુકાતા નથી .

જો પોલિસીમાં ત્રાહિત વ્યક્તિનું હિત સમાયેલું હોય .
અને  જો એક
માસ  અગાઉ તેણે પોતાના એ હિત વિશે વીમાસંસ્થાને
જાણ કરી હોય તો
ભલે વીમો લેનારે આપઘાત વીમો લીધા  પછી એક  વર્ષના
સમયની  અંદર કર્યો
હોય તો પણ તે ત્રાહિત વ્યક્તિના હિત જેટલી રકમ તેને
ચૂકવી આપવામાં આવે
છે  અને બાકીની રકમ કોઈને મળતી નથી .

( ૩ ) મુસાફરી  અને રહેઠાણ ( Travel &
Residence ) : મુસાફરી
અને રહેઠાણથી  મુક્ત પોલિસીઓ  હવે મળી  શકે છથે
અને  જો પોલિસી લેનાર
ગરમમાંથી ઠંડી આબોહવાના પ્રદેશમાં રહેવા જાય તો
પ્રીમિયમમાં ઘટાડો કરી
આપવામાં આવે છે . ઠંડી આબોહવા તંદુરસ્તી  અને લાંબા

( ૪ ) સ્ત્રીઓનો જીવનવીમો :  સામાન્યત:  એમ મનાય છે  કે સ્ત્રીઓમાં
એકંદરે શારીરિક જોખમોનું પ્રમાણ પુરુષો કરતાં  વધારે હોય છે . અનેક  વહીવટી
કારણોને લઈને તેઓએ પુરુષોના દર કરતાં થોડો  વધારે પ્રીમિયમ દર આપવો
પડે છે  અને દરેક સ્ત્રીનાં વ્યક્તિગત મુદ્દા ધ્યાનમાં લઈને પ્રીમિયમની રકમ
નક્કી થથાય છે .

( ૫ ) જોખમી ધંધો ( Hazardous Occupation ) : પોલિસી લેતી
વખતે અરજદારે પોતાના ધંધાના પ્રકાર વિશે વીમા કંપનીને યોગ્ય માહિતી આપવી
પડે છે .  જો તે જોખમી ધંધો  કે નોકરી કરતો હોય તો ચતેને  વધારે પ્રીમિયમ
આપવું પડે છે .  જો વીમાદાર દર હજારની પોલિસી દીઠ રૂ . ૧ . ૫૦ પૈસા લેખે
વધારે પ્રીમિયમ ભરે  અને  જો તે અકસ્માતથી મૃતયુ પામે તો વીમા કંપની
ઠરાવેલી રકમ કરતાં બેવડી રકમ તેને ચૂકવી  આપે છે .

( ૬ ) પોલિસી સંબંધી શરતો   :

( ૧ ) અયોગ્ય માહિતી કલમ ( Indisputable clause ) : વીમા
કરારમાં અરજદારના હિતનું રક્ષણ કરવા આ કલમ ઉમેરાય છે . જેના પ્રમાણે
વીમા કંપની પોલિસીના પહેલાં બે વર્ષ પછી અરજદારે આપેલ કોઈ પણ
માહિતીનો અસ્વીકાર ન કરી શકે . વીમા કંપની ફક્ત પ્રીમિયમ ન ભરાયું હોય
અથવા દગો થયો હોય તો જ પોલિસી રદ કરી શકે .

( ૨ ) પોલિસીમાં ફેરફાર ( Alteration in Policies ) : આ
કલ હેઠળ વીમાદાર લીધેલ પોલિસીની શરતો અને કલમમાં વીમા કંપનીની
સંમતિથી ફેરફાર કરી શકે છે , પરંતુ વીમા કંપની જો યોગ્ય ન સમજે તો ના
કહી શકે છે . વિવિધ ફેરફારોમાં પોલિસીના પ્રકારમાં , સમયમાં , વીમા પોલિસીની
રકમમાં વધારો કે ઘટાડો , પ્રીમિયમના હપતામાં ફેરફારનો સમાવેશ થાય છે .
સામાન્યત: જ્યારે ફેરફારને લઈને જોખમમાં વધારો થતો હોય તેવા ફેરફાર
માન્ય રખાતાં નથી .

( ૩ ) ખોવાઈ ગયેલી પોલિસી ( Lost Policies ) : જો પોલિસી
ખોવાઈ જાય કે તેનો નાશ થાય તો તે બાબત અને તેને ફરી મેળવવા માટે

લીધેલ પગલાંની માહિતી વીમો લેનારે વીમા સંસ્થાને તરત
જ પહોંચાડવી
જોઈએ . જો મૂળ પોલિસી ન મળી આવે તો સંસ્થા આ
બાબત છાપામાં છપાવી
તેનું સર્વ ખર્ચ લેનાર પર મૂકી બીજી નવવી પોલિસી કાઢી
આપે છે .

( ૪ ) અધિકાર પ્રદાન – Pg . 95

( ૫ ) નિમણૂક – Pg . 97

પાન નં ૯૭

( ડ ) જપ્ત પોલિસી સંબંધી શરતો : Pg . 92 - 94

( ઈ ) દાવાની પતાવટ અંગેની શરતો : Pg . 94 - 95

( ડ ) જપ્ત પોલિસી શરતો :

વીમો આપનાર અને વીમો લેનાર વચ્ચે વીમાનો જે
કરાર થાય છે તે
કરાર અમુક શરતોને આધીન હોય છે . તેમાં દર્શાવેલી શરતો
પ્રમાણે બંને પક્ષોના
હક્ક અને જવાબદારી નક્કી થતાં હોય છે . જુદા જુદા
પ્રકારની શરતો પૈકી
પોલિસી સંબંધી શરતેમાં પોલિસીને રદ થતી અટકાવવા
અંગેના વિકલ્પો વિશે
ઉલ્લેખ કરવામાં આવવેલ છે .

જો વીમો લેનાર છૂટના દિવસો પૂરા થાય છતાં

પ્રીમિયમ  ન ભરે તો
 વીમા સંસ્થાની જવાબદારીનો  સામાન્ય રીતે અંત આવે છે .
જો  એકાદ પ્રીમિયમ
 સમયસર ભરવાનું રહી ગયું હોય , ભુલાઈ ગયું હોય  અને
પોલિસી રદ્દ કરી બધી
 રકમ જપ્ત કરવામાં આવે તો વીમો સંસ્થાઓ તરફથી
પોલિસી રદ્દ કરતાં  પહેલાં
 વીમો લેનારને કેટલાક વિકલ્પો આપવામાં આવે છે .

પોલિસીને રદ્દ થતી અટકાવવા અંગેના વિકલ્પો  નીચે
મુજબ છે :

( અ ) શરણમૂલ્ય એકઠું  ન થયું હોય  ત્યારે મળતા
વિકલ્પો :

( ૧ ) પોલિસીનું પુનર્જીવન : છૂટના દિવસોમાં પણ
પ્રીમિયમ
ન ભરવાથી
 પહેલાં તો ગમે  ત્યારે પોલિસી  ફરી ચાલુ  કરી શકાતી
હતી .  હવે જીવનવીમા
 કોર્પોરેશન પોલિસી બંધ  પાડ્યાની તારીખથી ૫ વર્ષની
મુદત  નક્કી કરી છે .
 આ સમયગાળામાં જીવનવીમો લેનારે પોલિસીનું પુનર્જીવન
કરાવવું પડે છે તે
 સંજોગોમાં પોલિસી પુનર્જીવનની તારીખથી ફરીથી ચાલુ  થઈ
શકે છે .

( ૨ ) પોલિસીનું નવી તારીખે પુનર્જીવન :  જયારે
પોલિસીનું શરણ –

મૂલ્ય એકઠું થયું હોય  અને વીમો લેનાર પોતાની પોલિસી ફરી ચાલુ  કરાવવા
ઈચ્છતો હોય  પરંતુ પાછલાં પ્રીમિમો વ્યાજ  સાથે ભરી શકવાની ક્ષમતા  ન
હોય  ત્યારે તે પોલિસીનું નવી તારીખે પુનર્જીવન કરાવી શકે છે .  અહીં ફક્ત
સંતોષકારક દાક્તરી રિપોર્ટ જ જરૂરી  છે . આ રિપોર્ટને આધારે પોલિસી  ફરી
ચાલુ  થતી હોય છે . આવી પોલિસી ઓછામાં એછા ૬ માસ  માટે  અને વધુમાં
વધુ ૫ વર્ષ  માટે બંધ  થયેલી હોવી જોઈએ .

( બ ) શરણમૂલ્ય એકઠું થયું હોય  ત્યારે મળતા વિકલ્પો :

( ૧ ) શરણમૂલ્ય રોકડમાં સ્વીકારી લેવું :  જ્યારે પોલિસી ધરાવનાર
પ્રીમિયમ ભરવાને અશક્ત હોય  ત્યારે તે પોતાની પોલિસી વીમા
સંસ્થાને સોંપી દે

પાન નં ૯૮

છે  અને તેના બદલામાં વીમા કંપની તરફથી મળતી રકમ રોકડમાં સ્વીકારી લે છે
તેને શરણમમૂલ્ય કહે છે . શરણમૂલ્ય  માટે ઓછામાં ઓછા ૨ વર્ષનાં પ્રીમિયમ
ભરાઈ ચૂક્યાં હોવા જરૂરી  છે . વીમો વલેનાર શરણમૂલ્યની રકમ મેળવે  એટલે વીમા

કરારનો આપોઆપ અંત આવે છએ . વીમા સંસ્થા પણ પોતાની જવાબદારીમાંથી
મુક્ત થાય છે . શરણમૂલ્યની કેટલી રકમ મળે તેનો આધાર પોલિસીના પ્રકાર અને
સમય ઉપર રહે છે . જેમ સમય વધારે લેનાર માટે કેટલોક ખર્ચ કરેલ હોય તો
શરણમૂલ્યની રકમ આપવામાં આવતી નથી . પોલિસીની પૂરેપૂરી રકમ શરણમૂલ્ય
તરીકે ચૂકવતી નથી . સામાન્ય રીતે પોલિસીની રકમના ૧૧ ટકાથી ૯૦ ટકા
જેટલી રકમ વીમાદારને પરત મળતી હોય છે .

જ્યારે પોલિસી પર આ રીતે શરણમૂલ્ય એકઠું થયું હોય ત્યારે વીમો લેનાર
તે રકમ રોકડમાં લઈ લેતાં પોલિસી ચાલુ થતી નથી , પરંતુ રકમ જપ્ત થતાં
બચી જાય છે .

( ૨ ) આપોઆપ બિનજપ્તી : પોલિસીના પહેલાં બે વર્ષમાં
શરણ -
મૂલ્ય એકત્ર થતું ન હોવાથી આ લાભ મળતો નથી . જો કે પોલિસી લેતી વખતે
જ આ વિશે નિર્દેશ કરેલ હોય તો જ પોલિસી રદ થાય તે પહેલાં આ કલમ
હેઠળ લાભ મેળવી શકાય છે . અહીં શરણમૂલ્યની રકમમાંથી જ જે પ્રીમિયમો ન
ભરાયાં હોય તે ભરવામાં આવે છે . જ્યાં શરણમૂલ્યની રકમ પહોંચે છે ત્યાં સુધી

આ લાભ મળે છે . જો આપોઆપ મળતા આ રક્ષણના સમય દરમિયાન પોલિસી
પાકે તો વીમા કંપની રકમમાંથી યભરાયેલાં પ્રીમિયમો વ્યાજ સહિત કાપી
બાકીની રકમ ચૂકવે છે .

( ૩ ) ઓછી ભરપાઈ થયેલ પોલિસી : આ વિકલ્પ હેઠળ જે વ્યક્તિ
ચડેલ પ્રીમિયમ વ્યાજ સાથે ભરી શકે તેમ ન હોય તેને માટે પોલિસીની રકમ
ઘટાડવાનો વિકલ્પ મળી રહે છે . વીમા કંપનીઓ પ્રમાણસર રકમ ઘટાડતી હોય
છે . તે માટે સૂત્ર આ મુજબ છે :

ભરેલા પ્રીમિયમની સંખ્યા / કુલ ભરવાના પ્રીમિયમની સંખ્યા * વીમા રકમ = ઘટાડેલી રકમ .

દા . ત . , ૨૦ વર્ષના હયાતીના વીમાના ૧ , ૦૦૦ ની પોલિસસી છે . વ્યક્તિએ
૧૫ પ્રીમિયમ ભર્યાછે . ૧૬ મું કે ત્યાર પછી પ્રીમિયમ ભરાય તેમ
નથી .
પોલિસીની કેટલી ઘટેલી રકમે વ્યક્તિને લાભ મળશે ?

15 / 20 * 1000 = 750 ઘટાડેલી રકમ .

( ૪ ) વધારાના સમયનો વીમો : અહીં શરણમૂલ્યનો ઉપયોગ મૂળ
વીમા રકમ જેટલી રકમવાળી ટૂંકી મુદતી પોલિસી ખરીદ કરવામાં આવે છે .
આ યોજના મુજબ તે ટૂંકી મુદત દરમિયાન વીમો લેનાર મૃત્યુ પામે તો તે
રકમ તેના વારસદારોને મળે છે અને જો તે જીવી જાય તો થોડી રકમ મળે છે .
આ વધારામાં સમયની ટૂંકી મુદતની પોલિસી મૂળ પાક્યા તારીખ પહેલાં પૂરી
થાય તે પ્રકારની હોવી જોઈએ . વ્યકૃતિને આ વધારાના સમયનો લાભ મળી રહે છે .

( ૫ ) આપોઆપ પ્રીમિયમ લોન : પહેલાં જ્યારે વ્યકૃતિ પ્રીમિયમ
ન ભરી શકતી ત્યારે વીમા સંસ્થાઓ સામેથી લેનની સગવડ આપતી અને તે
રીતે પોલિસી રદ થતાં પહેલાં વિકલ્પ મળી રહેતો . આ પ્રથા હવે કોર્પોરેશને
બંધ કરી છે . અલબત્ત હવે લોન મેળવવા રીતસર અરજી કરવી પડે છે .

( ૬ ) દાવાની પતાવટ અંગેની શરતો ( કાર્યવાહી ) :

જીવનવીમાની પોલિસી પાકે ત્યારે દાવાન પતાવટ કરવી પડે છે . વીમા
પોલિસીના દાવાની ઝડપથી પતાવટ થઈ શકે છે તે માટે જીવીકોની જરૂરિયાત મુજબની
બધી વિધિ કરવી પડે છે .

( ૧ ) ઉંમર સ્વીકારા ઈ ન હોય તો ઉંમરની સાબિતી . ( ૨ ) વીમાદારે સંપૂર્ણ વિગતો ભરીને દાવાપત્રક ( Claim form ) જીવીકોને મોકલવું ( ૩ ) વીમાદારે સ્ટેમ્પ ચોંટાડેલી રસીદ પર સહી કરીને મોકલવી . ( ૪ ) રદ કરવા માટે પોલિસીનું ખતપત્રક જીવીકોને મોકલવું . ( ૫ ) અલગ દસ્તાવેજથી અધિકારપ્રદાન કર્યો હોય તો તે દસ્તાવેજ મોકલવો . ( ૬ ) મરણના કિસ્સામાં મૃત્યુ અંગેના પુરાવા મોકલવા . ( ૭ ) દાવો કરનારના દાવા - રકમ મેળવવાના હકની સાબિતી મોકલવી . ( ૮ ) પોલિસી હોલ્ડરે પૂરું કરેલું મુક્તિનું ફોર્મ અને પોલિસી ખોવાઈ ગઈ હોય તો બાંહેધરી આપતો બોન્ડ જીવીકોને આપવો પડે છે . ( ૯ ) જો ત્રણ વર્ષથી ઓછા સમય માટે પોલિસી અમલમાં રહી હોય તો વધારામાં દાવાના ત્રણ ફોર્મ બ ક અને ડ ભરવા પડે છે . એ ઉપરાંત મૃત્યુ સમયે સારવાર કરતા ડોક્ટરનું નિવેદન , અગ્નિસંસ્કાર કે દફનવિધિમાં હાજર રહેલી વ્યક્તિનું પ્રમાણપત્ર તેમ જ કોઈ પ્રતિષ્ઠિત વ્યક્તિએ આપેલ ઓળખનું પ્રમાણપત્ર પણ મોકલવું પડે છએ .

ક્યારેક વીમાદારનું મૃત્યુ ખૂન , અકસ્માત , આપઘાત કે પાણીમાં ડૂબી

મરવા જેવા અકુદરતી કારણોસર થયું હોય તો પોલિસી તપાસનો રિપોર્ટ અને ડોક્ટરના પોસટમોર્ટમના રિપોર્ટની પ્રમાણિત નકલ પણ જીવીકો સમક્ષ રજૂ કરીવ પડે છે . પોલિસીમાં નાણાં લેનારનું નામ ન હોય તેમ જ અધિકારપ્રદાન પણ થયું ન હોય તો પોલિસીમાં કાયદેસરના હક્કની સાબિતી આપવી પડે છે .



આ માટે વારસહક્કનું પ્રમાણપત્ર , કોર્ટનો વહીવટપત્ર , પ્રોબેટ યા વસિયતનામું વગેરે રજૂ કરવાં પડે છે .

વિધિ : જ્યારે વીમાદારાનું મૃત્યુ થાય ત્યારે તેના વારસદારોએ જીવીકોને જાણ કરવી જોઈએ . જીવીકો પ્રથમ તો એ તપાસ કરે છે કે મૃત્યુ થયું ત્યારે કરાર ચાલુ હતો કે નહિ . ત્યારબાદ વારસદારો ઉપર દિલગીરીપત્ર અને તેણે ભરવાનાં જરૂરી ફોર્મ મોકલવામાં આવે છે . વારસદારે જરૂરી ફોર્મ્સ સાથે મૃત્યુનું પ્રમાણપત્ર મોલકવું પડે છે . બધાં ફોર્મ્સ મળી ગયા બાદ અને તેની પૂરતી ચકાસણી થયા બાદ લોન વગેરેની રકમ કાપી બાકીની રકમ વારસદારને ચેક દ્વારા ચૂકવી દેવામાં આવે છે . અલબત્ત , પોલિસી લીધા પછી બે વર્ષમાં જ

જો મૃત્યુ થાય તો વીમા કંપની થોડી તપાસ કરાવે છે . જો વીમાદારાનું મૃત્યુ
કોઈ એવા રોગથી થયું હોય તો આવા ખાનગી રિપોર્ટના આધારે આવા
દાવાઓ પતાવાય છે . દાવાની રકમની ચૂકવણી કરતાં પહેલાં તેના વારસદારો
પાસેથી પોલિસીખત જીવીકો પાછું મેળવી લે છે . જો વીમાદારે વારસદારની
નિમણૂક ન કરેલ હોય તો કાયદેસરના વારસદારે કોર્ટ દ્વારા સાબિત કરી તેનો
હક્ક રજૂ કરવો પડે છે . વીમા કંપની પૈસા મળ્યાની પાકી પહોંચ એડવાન્સમાં
વીમાદારા પાસેથી મેળવી લે છે .

જ્યારે વીમાદાર કરારના સમય સુધી હયાત હોય તેવા કિસ્સામાં પોલિસી
પાકવાની મુદતના એક માસ અગાઉ તેને રસીદ , વાઉચર વગેરે મળી જાય છે .
જેના પર સહી કરીને પોલિસીખત વીમા કંપનીને મળી જતાં લોન વગેરેની
રકમ કાપી વીમા કંપની ચેકથી નાણાં ચૂકવી દે છે . આવા કિસ્સામાં વીમાદારે
પાકવાની મુદતની યાદ દેવડાવવી જરૂરી નથી .

( ૩ ) અધિકારપ્રદાન અને નિમણૂકની સમજૂતી :

( અ ) અધિકાર પ્રદાન ( Assignment ) : આ પણ પોલિસીના કાયદેસરના
વારસદાર નક્કી કરવાની કાનૂની રીત છે . વીમાદાર કોઈને

પણ પોલિસીની એસાઈન
 કરે  ત્યારે એસાઈની તેનો  સંપૂર્ણ માલિક થાય છે . ય
વીમાદારની હયાતીમાં પણ
 તેના બધા હક્કો Assignee ભોગવે છે . વીમો નિર્ધારીત
સમયે પાકે  અને  ત્યારે
  જો વીમાદાર હયાત હોય  છતાં વીમાની રકમ  ઉપર
એસાઈનીનો  સંપૂર્ણ હક્ક રહે
 છે . વીમામાં કોઈ પણ ફેરફાર – લોન  વગેરે વીમાદાર કરી
શકતો નથી .  કદાચ
 વીમાદારની હયાતીમાં જ Assignee નું મૃત્યુ થાય તો પણ
Assignee
 વારસદારોનો હક્ક રહે છે . ટૂંકમાં , અધિકારપ્રદાન કરવાથી
વીમાદારના હાથમાંથી
 બધા હક્કો જતા રહે છે . નિમણૂકમાં આવું બનતું નથી .
આવું અધિકારપ્રદાન



 વીમા કંપનીને  ત્યારે જ બંધનકર્તા નીવડી  શકે  જ્યારે તેને
એની જાણ કરવામાં
 આવે  અને તે એના ચોપડામાં જરૂરી  નોંધ કરે .

જીવનવીમાની પોલિસી પર   સંપૂર્ણ હક્ક ધરાવનાર
વીમાદાર
પોલિસી પરનો
 હક્ક બીજી વ્યક્તિની તરફેણમાં ખૂબ  સરળતાથી શરતી
કે  બિનશરતી સોંપી  શકે
 છે . આવું અધિકારપ્રદાન કોઈ પણ વ્યક્તિને પ્રેમ  અને

સંબંધ ને લીધે કોઈ
 પણ જાતનો અવેજ મેળવ્યા વગર કરી શકાય છે . આવું
અધિકારપ્રદાન
 કરવાથી પોલિસીનાં અગાઉના હક્કદારોનાં નામ  આપોઆપ
રદ થાય છે .
 ૧૯૩૮  ના વીમાધારાની કલમ ૭૮ મુજબ વીમાદારને
વીમાપોલિસી  કે જે તેની
  મૂલ્યવાન મિલકત છે તેને બીજી વ્યક્તિની તરફેણમાં
હસ્તાંતર કરવાનો  કાનૂની
 અધિકાર છે . જેને વીમા કંપની કોઈ રીતે મર્યાદિત કરી  શકે
નહિ .

In an old English case Ashely vs . Ashely , it was observed that life insurance polices are marketable commodities which can be validly assigned , iwht or withoput consideration , to persons who have no interest
in the life insured . The principle , viz , the assignability of life insurance policies is accepted in modern times and permitted by law .

જેઓ કરાર કરવાને  સમર્થ હોય તેઓ જ જીવનવીમાની
પોલિસીનું
 અધિકારપ્રદાન કરી  શકે . પાગલ  , સગીર   અને જેની
મિલકતો કોર્ટને સોંપાઈ
 ગઈ હોય તેઓ અધિકારપ્રદાન કરી  શકે  નહિ . આવું
અધિકારપ્રદાન વીમાપોલિસી
 પર  શેરો ( Indorsement ) કરીને આ અલગ ખતપત્રથી

થઈ શકે . તેના પર
તારીખ લખવી જોઈએ તેમ જ એક સાક્ષીની હાજરી હોવી જરૂરી છે . ત્યાર
બાદ અધિકારપ્રદાનનો ખતપત્ર અને તેને લગતી સૂચના જીવીકોને નોંધવા માટે
મોકલવા જોઈએ . શરતી અધિકારપ્રદાન નજીકના સંબંધીના તરફેણમાં સ્નેહ કે
લાગણીને કારણે જ થઈ શકે છે . અહીં ક્યારેક પોલિસીનો હક્કો પાછા પ્રાપ્ત
કરવાની શરતો હોય છે . જ્યારે બિનશરતી અધિકારપ્રદાન વાજબી અવેજ લઈને
કરવામાં આવે છે . આ સંજોગોમાં અધિકારપ્રદાન કરનાર વ્યક્તિ તેના બધા જ
અધિકારો ગુમાવે છે . આમ , અધિકારપ્રદાનના બે પ્રકાર છે :

( ૧ ) પૂર્ણ અધિકારપ્રદાન ( Absolute Assignment ) :

( ૨ ) શરતી અધિકારપ્રદાન ( Conditional Assignment ) :

દા . ત . , શ્રી મનોજકુમાર તેના ભત્રીજાને રૂ . ૫ , ૦૦૦ આપવા ઈચ્છે તો તેઓ
રૂ . ૫ , ૦૦૦ વીમાની પોલિસી ખરીદી તેના ભત્રીજાને Assign કરે છે . આ

રીતે જીવનવીમાની પોલિસીનું અધિકારપ્રદાન કર્યા પછી પોલિસીની
રકમ ઉપર
તેમનો કોઈ હક્ક રહેતો નથી . તેમણે તે માત્ર નિયમિત હપતા જ ( પ્રીમિયમ )
જીવીકોને ભરવાના રહે છે . આવા કોઈ પણ કિસ્સામાં કુદરતી પ્રેમ અને
લાગણીથી પ્રેરાઈને નજીકનાં સગાની તરફેણમાં અધિકારપ્રદાન થાય છે . જ્યારે
પ્રોવિડન્ડ ફંડની રકમમાંથી પોલિસીનું પ્રીમિયમ ભરવાનું હોય ત્યારે પ્રોવિડન્ડ
ફંડના સત્તાવાળાઓની તરફેણમાં અધિકારપ્રદાન કરાય છે . કોઈ પણ સંજોગોમાં
અધિકારપ્રદાન કરવું હોય ત્યારે જીવીકો તરફથી છાપેલાં ફોર્મ મેળવી તેનો
ઉપયોગ કરવો હિતાવહ છે . જો આવું અધિકારપ્રદાન પ્રાપ્ત કરનાર સગીર હોય
તો , સાથે તેના વાલીની પણ નિમણૂક થવી જોઈએ . એક વાર કોઈક વ્યકૃતિની
તરફેણમાં અધિકારપ્રદાન કર્યા પછી તે રદ કરી શકાય નહિ કે તેમાં ફેરફાર
તઈ શકે નહિ . વારસવેરાની ચૂકવણી કરવાના હેતુથી પણ સરકારની તરફેણમાં
આળું અધિકાર પ્રદાન થઈ શકે . દાવાની ઝડપી અને સરળ પતાવટ માટે વીમાદારે
પોતાની હયાતી બાદ પોલિસીની રકમ કોને આપવાની છે તે અંગેની વિધિ
અધિકારપ્રદાન કરીને જીવીકોને જણાવી દેવી જોઈએ .

( બ ) નિમણૂક ( Nomination ) જીવનવીમામાં વીમાદાર જ્યારે
દરખાસ્તપત્રક ભરે છે , ત્યારે તે ફોર્મમાં જ યોગ્ય જગ્યાએ વારસદારની નિમણૂક
કરે છે . વીમાદાર પોલિસી પાકે તે પહેલાં ગમે ત્યારે કોઈ પણ વ્યકૃતિની તે
પોલિસીની રકમ મેળવવા ( તેની હયાતી બાદ ) નીમણૂક કરી શકે છે . ૧૯૩૮ ના
વીમાધારાની કલમ ૩૯ મુજબ નિમણૂકની નોંધ પોલિસીના લખાણમાં જ યા તેની
પાછળ શેરો કરીને થઈ શકે . આથી જો વીમો લેનારનું મૃત્યુ થાય તો વીમા
કંપની તેમાં દર્શાવેલ કાયદેસરના વારસદારને કોઈ પણ પ્રકારની કાનૂની કાર્યવાહી
કર્યા વિના દાવાની રકમ ચૂકવી શકે છે . આને Nominee કહેવાય .

The holder of a policy og life Insurance on his own life may , when effecting , the policy or at any time before the policy matures for payment , nominate
the person or psersons to whom the money secured by
the policy shall be paid in the event of his death
This is known as Nomination by the policyholder .
The person named is colled the Nominee .

સંયુક્ત જિંદગીના વીમાની પોલિસીમાં નિમણૂકનું ખાસ મહત્તવ રહેતું
નથી પરંતુ કરવું હોય તો થઈ શકે . સામાન્ય રીતે આવી નિમણૂક અધિકારપ્રદાનથી
કે વસિયનાતમાંથી રદ કરી શકાય છે તેમાં ફેરફાર થઈ શકે . જ્યારે પણ આવો

પાન નં ૧૦૩

ફેરફાર થાય ત્યારે તેની જાણ વીમા કંપનીને લેખિત કરવી જોઈએ , નહિતર
વીમા કંપની તે ફેરફાર મુજબ પોલિસીની રકમ ચૂકવવા જવાબદાર નથી . વીમા -
દારની હયાતીમાં જ પોલિસીની રકમ પાકે યા નિમણૂક કરેલી વ્યક્તિ તે પહેલાં
મરણ પામે તો નિમણૂક રદ થાય છે . વીમાદારનું કરારી મુદત પહેલાં જો
મૃત્યુ થાય તો જ આવા વારસદારોનો હક્ક ઉપસ્થિત થાય છે . વારસદાર તરીકે
પતિ - પત્ની , માતા - પિતા વગેરે હોય છે . જો વીમો પાકે ત્યારે વીમાદાર હયાત
હોય તો વારસદારનો કાયદેસરનો જરા પણ હક્ક લાગતો નથી . જો વારસદારનું
વીમાદાર પહેલાં મૃત્યુ થાય તો તે નવો વારસદાર નીમી શકે છે . આ માટે
કાઈ કાયદેસરની કાર્યવાહી કરવી જરૂરીની નથી . ખૂબ જ સરળતાથી વીમા કંપનીને
લેખિત જાણ કરવાથી થઈ શકે છે . વારસદારના મૃત્યુ બાદ ફક્ત નવો વારસદાર

જ નીમી શકાય .  અને જે વારસદાર મૃત્યુ પામ્યો હોય તેના વારસોનો હક્ક
લાગતો નથી . ટૂંકમાં , વારસદારની નિમણૂક ગમે  ત્યારે કરી શકાય છે  તેમ જ
બદલી પણ શકાય છે . વારસદારની નિમણૂક  પછી પણ પોલિસી ઉપરના બધા જ
હક્કો વીમાદારની પોતાની  પાસે રહે છે . વીમામાં કોઈ પણ ફેરફાર  માટે વારસદારને
પૂછવાની  જરૂર રહેતી નથી .

પાન નં ૧૦૭

[ 1 ] પ્રાસ્તવિક :

સામાન્ય રીતે વેપાર  કે ઉદ્યોગોને સાહસ તરીકે ઓળખવામાં આવે છે .
સ્વાભાવિક છે  કે  જ્યાં સાહસ હોય  ત્યાં અનેક પ્રકારની અનિશ્ચિતતા  તેમ જ જોખમ
પણ હોય જ . માનવ સંસ્કૃતિના વિકાસ  સાથે જે જે વિવિદ ક્ષેત્રોમાં અનિશ્ચિતતા
જોખમ  અને બિનસલામતી  અને અકસ્માત જેવા તત્ત્વો વધુ  વ્યાપક બન્યા છે તે
ક્ષેત્રોમાં વીમાનો વ્યવસાય પણ ખૂબ  જ  વ્યાપક  અને પ્રચલિત બન્યો છે . આ બધાં

પાન નં ૧૦૮

વીમાના પ્રકારોમાં દરિયાઈ વીમાનો પ્રકાર સૌથી જૂનો છે . એના મૂળ  ખૂબ  ઉંડા

છે . એક અંદાજ મુજબ ૭૦૦ વર્ષ પૂર્વે દરિયાઈ વીમાની શરૂઆત થઈ હોય તેમ મનાય છે . ૧૨ મી સદીમાં વિદેશ વ્યાપાર મર્યાદિત સ્વરૂપમાં થતો હતો . તેમાં દરિયાઈ જોખમો અને અનિશ્ચિતતા અનેક પ્રકારની હતી . દરિયાઈ સફર જે વહાણમાં કરવામાં આવતી તે ખૂબ સાદા અને અણવિકસેલાં હતાં . સામાન્ય લાકડાંનાં બનાવેલ વહાણો દ્વારા દરિયાઈ સફર ખેડાતી હતી . આવા વહાણો દરિયાઈ તોફાનો સામે કેટલું ટકી શકે ? વહાણની યાંત્રીકરણની કલ્પના તો તે સમયમાં કરી શકાય જ નહીં . વહાણની ગતિ માટે પવન પર સંપૂર્ણ આદાર રાખવો પડતો હતો . તેથી અનેક મહિલાઓ પછી પણ વહાણ નિશ્ચિત બંદરે પહોંચતું નહીં . આ ઉપરાંત અનેક દરિયાઈ જોખમનો ( Perils of Sea ) જેવા દરિયાઈ તોફાન , ખડક કે અન્ય વહાણ સાથે વહાણનું અથડાવવું અને લૂંટફાટ તથા ચાંચિયાગીરીનો ભય રહેતો હતો . આ દરિયાઈ જોખમથી ઉપસ્થિત થતાં નુકસાનથી બચવા કોઈ યોજના વિચારાવા લાગી . સમયાનુસાર આ યોજનામાં સુધારાવધારા થતા ગયા અને તેમાંથી અંતે આ આધુનિક સંપૂર્ણ પ્રમાણિત દરિયાઈ વીમાની પોલિસી અસ્તિત્વમાં આવી .

[ 2 ] દરિયાઈ વીમાનો પૂર્વ ઈતિહાસ :

દરિયાઈ વીમાનું ઉદ્ભવસ્થાન તરીકેનું માન ઈટાલી દેશને મળે છે . ટ્યુડર
સમય દરમિયાન ઈટાલીના સાહસિક નિરાશ્રિત વેપારી ટોળી લોમ્બાર્ડઝે ઈટાલીથી
સ્થળાંતર કરી લંડન શહેરના અમુક વિસ્તારમાં વસવાટ કર્યો . જે સ્થળ સમય જતાં
વ્યાપારી પ્રવૃત્તિનું મુખ્ય મથક બન્યું અને લોમ્બાર્ડ સ્ટ્રીટ તરીકે પ્રચલિત બન્યું .
આ સમય દરમિયાન દરિયાઈ પોલિસીની નોંધણીનું કાર્ય ચેમ્બર્સ ઓફ એસ્યુરન્સ
ઈન ધી રોયલ એકચેન્જમાં ( Chambers Assurance of the Royal
Exchange ) થતું . જે કાંઈ પણ આ દરિયાઈ વીમા અંગે ઝઘડાઓ થતા હતા
તેના ઉકેલ માટે અદાલતની ( Court ) રચના થઈ હતી . ઈ . સ . ૧૭૨૦ માં ઈંગ્લેંન્ડમાં
રોયલ એકસચેન્સ એસ્યુરન્સ અને લંડન એસ્યુરન્સ ( Royal Exchange
Assurance and London Assurance ) નામની માત્ર બે જ જાણીતી
કંપનીઓ હતી કે જેઓ ઈંગ્લેંડના પાર્લામેન્ટના કાયદા હેઠળ વીમાનો ધંધો કરવા
અધિકૃત હતી . ખાસ કરીને દરિયાઈ વીમાના ક્ષેત્રમાં આ કંપનીઓ એક પ્રકારનો
ઈજારો ધરાવતી હતી .

સામાન્ય રીતે એવી પ્રણાલિકા , જોવા મળતી કે

વહાણનો વીમો ઉતરા -
વનાર પક્ષ આ લોમ્બાર્ડ સ્ટ્રીટમાં આવેલાં કોફી હાઉસમાં ભેગા થતાં અને ત્યાં જ
બધાં જ દરિયાઈ વીમાના . માલમિલકત તેમ જ વહાણનાં વેચાણમનાં સોદા થતા
હતા . એવું જ એક લોકપ્રિય કોફી ઘર એક વેપારી અને વહાણોના માલિક એવા



શ્રી એડવર્ડ લોઈડનું હતું . ઈ . સ . ૧૬૯૬ માં શ્રી લોઈડે વિદેશ વેપાર તેમ જ
વહાણોની અવરજવર ની ખબર વ્યવસ્થાત રીતે વેપારીઓને પ્રાપ્ત થાય તે હેતુથી
‘ લોઈડઝ સમાચાર ’ ( Lloyd ' s News ) નામનું છાપું પ્રસિદ્ધ કરવાનું શરૂ કર્યું .
રાજ્યના પ્રતિબંધને કારણે અમુક સમય પછી આ છાપું બંધ કરવામાં આવ્યું
અને અમુક વર્ષો બાદ તેનું સ્થાન ‘ લોઈડઝની યાદી ’ ( Lloyd ' s List ) એ
લીધુંય ઈ . સ . ૧૭૭૪ માં લોઈડઝ સંસ્થાના સભ્યપદ અંગે વ્યવસ્થા શરૂ કરવામાં
આવી , જે આજે પણ અસ્તિત્વ ધરાવે છે . છેક ઈ . સ . ૧૮૨૪ સુધી લેઈડઝ
મંડળીનો ઈજારો દરિયાઈ વીમાના ધંધા ક્ષેત્રો રહ્યો . ત્યાર બાદ આ ક્ષેત્રમાં કેટલીક
સંયુક્ત હિસ્સાવાળી મંડળી સ્થપાઈ . છતાં પણ લોઈડઝ મંડળીનું સ્થાન બેનમૂન

અને અદ્વિતીય રહેવા પામ્યું .

[ 3 ] દરિયાઈ વીમા કરાર ( Marine Insurance Contract ) :

૧૯૬૩ સુધી ભારતમાં જુદો દરિયાઈ વીમાનો કાયદો ન હતો . ૧૯૬૦ ના ઈંગ્લેન્ડના દરિયાઈ વીમા કરાર અને ભારતીય કરારના ધારાની કેટલીક જોગવાઈ મુજબ જ આ પહેલા દરિયાઈ વીમાનું નિયંત્રણ તેમ જ સંચાલન ભારતમાં થતું હતું . ૧૯૬૩ માં દરિયાઈ વીમાનો કાયદો ( Indian Marine Insurance Act ) ભારતમાં પસાર કરવામાં આવ્યો , જેનો અમલ ૧ લી ઓગસ્ટ ૧૯૬૩ થી થાય છે .

૧૯૬૩ ના દરિયાઈ વીમાના કાયદાની કલમ ૩ મુજબ ' દરિયાઈ વીમા કરાર ' એક એવા પ્રકારનો કરાર છે કે જેમાં વીમો ઉતારનાર કરારમાં લખ્યા મુજબ અને ત્યાં સુધી વીમો ઉતરાનારને દરિયાઈ નુકસાની માટેનું વળતર આપવા બંધાયેલો છે . આ પ્રકારના વીમા કરારમાં વીમા ઉતરાવનાર વીમા પ્રીમિયમ ચૂકવે છે અને તે બદલ વીમો ઉતારનાર ( વીમા કંપની ) મુકરર રકમની નુકસાની આપવા બાંયધરી આપે છે .

દરિયાઈ વીમાનો કરાર એક અંગત - વ્યક્તિગત કરાર છે . તેનાથી વસ્તુને નુક -
સાન થાય કે નાશ પામે તો તે બદલ વળતર તરીકે નાણાં ચૂકવવામાં આવે છે .
મૂળભૂત વસ્તુ વીમો ઉતારનારે પાછી આપવાની હોતી નથી . આ કરારમાં જે દરિ -
યાઈ જોખમ સામે રક્ષણ આપવામાં આવે છે . તેમાં દરિયાઈ તોફાન , અન્ય વહાણ
યા ખડક સાથે વહાણનું અથડાવવું , દરિયાઈ ચાંચિયાના શિકાર બનવું , માલ ડૂબી
જવો કે , વહાણનું ડૂબી જવું કે વહાણને ગંભીર નુકસાન થવું , રાજા અથવા
પ્રજાના અવરોધો , રાજાના શત્રુઓ અથવા ઈશ્વરી ઈચ્છા ,
( Act of God )
આગ , તોફાની પવનો વગેરેનો સમાવેશ થાય છે . દરિયાઈ વીમા કરાર મુજબ જો
માલનું નુકસાન આકસ્મિક કે મોટા પ્રમાણમાં હોય તો જ વળતર મળશે . જો
માલને નજીવી કે રોજિંદા કાર્યોથી નુકસાન થાય તો વળતર મળશે નહિ .

પાન નં ૧૧૦

આ પ્રકારની વીમા પોલિસી એ કરાર પત્ર છે જેથી વિશ્વાસ અને પ્રામાણિક -
તાના સિદ્ધાંતનું પાલન થવું જરૂરી છે . દરિયાઈ વીમા કરાર એ હકારાત્મક
( Positive ) ખતપત્ર હોવાને લીધે તેમાં જે જોખમો સામે

રક્ષણ આપવામાં આવ્યું
હોય તેની યાદીનો સમાવેશ થાય છે .

દરિયાઈ વીમામાં જહાજના ખલાસી અથવા કપ્તાનની બેદરકારીથી થતા
નુકસાનનું વળતર મળવા પાત્ર રહેતું નથી . આ ઉપરાંત દરિયાઈ વીમામાં જહાજનાં
માલિકની જે ફરજો છે તે તેણે યોગ્ય રીતે અદા કરવી જોઈએ . જો તે આ ફરજો
અદા કરવામાં નિષ્ફળ જાય તો પણ નુકસાનનું વળતર વીમા કંપની ચૂકવતી નથી .
દા . ત . , જહાજનો માલિક માલની સંભાળ લેવામાં બેદરકારી દાખવે અથવા
માલને નક્કી કરેલ સ્થાને પહોંચતો ન કરે .

જહાજનો વીમો જહાજનો માલિક ઉતરાવે તેને જહાજનો વીમો ( Hull
Insurance ) અને માલનો વીમો માલધણી ઉતરાવે તેને માલનો વીમો ( Cargo
Insurance ) કહેવાય છે . તેમ જ માલનું નૂર ઘણીવાર નિયત સ્થળે માલ પહોંચે
ત્યાર પછી મળે છે તો આવા સંજોગોમાં નૂરનો વીમો લેવામાં આવે છે , જેને
નૂરનો વીમો ( Freight Insurance ) કહેવામાં આવે છે . ઘણીવાર સફર પહેલાં
જ નૂર ચૂકવી દેવામાં આવ્યું હોય તો તેનો સમાવેશ માલના વીમામાં જ થઈ
જાય છે . પરિણામે નૂરનો વીમો અલગ લેવો પડતો નથી .

આમ દરિયાઈ વીમો
જહાજનો , માલનો કે નૂરનો ઉતરાવી શકાય છે અને દરિયાઈ વીમાના કરારમાં
પક્ષકારો તરીકે વીમા કંપની , જહાજ માલિક , માલધણી કે નૂર માલિકો સંકળાયેલાં
હોય છે .

[ 4 ] દરિયાઈ વીમો લેવાની રીત – પોલિસી કેમ કઢાવવી :

દરિયાઈ વીમામાં સેંકડો માઈલ દૂર આવેલા દરિયાઈ સફરે ગયેલા જહાજ
કે તે પરના માલસામાનનો વીમો ઉતરાવવામાં આવતો હોવાથી વીમા વસ્તુની
પ્રત્યક્ષ તપાસને આધારે જોખમનો સંપૂર્ણ ખ્યાલ મેળવવો મુશ્કેલ બને છે . આવા
સંજોગોમાં વીમાદારે જે માહિતી આપી હોય તેના પર વીમાદાતાએ વિશ્વાસ
રાખવાનો હોય છે . તેથી જ કહેવાય છે કે " દરિયાઈ વીમાનો કરાર એ
સંપૂર્ણ પરસ્પર વિશ્વાસનો કરાર છે . "

અન્ય પ્રકારના વીમામાં દરખાસ્તપત્રનો ઉપયોગ કરવામાં આવે છે . જ્યારે
દરિયાઈ વીમામાં દરખાસ્તપત્રનો ઉપયોગ કરવામાં આવતો નથી . દરિયાઈ વીમાની
પોલિસી કઢાવવા વીમાદારે ( વીમો ઉતારનાર ) સીધેસીધા અથવા કોઈ વીમા

દલાલ મારફતે વીમા દાતાનો ( વીમો ઉતરાવનાર ) સંપર્ક સાધવો જોઈએ . જો કે

પાન નં ૧૧૧

વીમાદલાલ મારફતે કામ કરાવવું વિશેષ ઈચ્છનીય છે , કારણ કે આ કાર્યમાં તે
નિષ્ણાત હોવાથી તેમની વિશિષ્ટ સેવાનો લાભ મળે છે .

સૌ પ્રથમ વીમાદલાલ વીમાદારને માટે એક દરખાસ્ત કાપલી ( Proposal
slip ) તૈયાર કરે છે અને તેમાં દરિયાઈ વીમાની દરખાસ્ત અંગેની તમામ મહત્ત્વની
હકીકતોની અને કંઈ વિશિષ્ટ જવાબદારીઓ સાથે વીમારક્ષણ જોઈએ છે . તેની
નોંધ કરે છે . વીમાદલાલ એ કાપલી જુદા જુદા વીમાદાતાઓમાં ફેરવે છે . વીમા -
દાતા તે કાપલી ઉપર તેઓ કેટલી રકમ સુધીનો વીમો આપવા તૈયાર છે તે દર્શાવીને
પોતાની સ્વીકૃતિસૂચક સહી કરે છે . આમ જ્યારે સંપૂર્ણ વીમા રકમની જવાબદારી
લેવાઈ જાય છે ત્યારે વીમા દલાલ છેવટની કાપલી ( Closing slip ) તૈયાર કરે છે .
જેમાં જોખમને લગતી કેટલીક ઝીણવટભરી માહિતીનો ( જેવી કે વીમાવસ્તુનું મૂલ્ય ,
તેનો જથ્થો , વજન , નિશાની અને લેબલ વગેરે ) સમાવેશ કરે છે . ત્યાર પછી
વીમાપોલિસી તૈયાર કરી આપવામાં આવે છે . સફરી

પોલિસી ( Voyage Policy ) હોય તો સફર શરૂ થતાં વીમાદારની જવાબદારી શરૂ થાય છે , અને જો સમય પોલિસી ( Time Policy ) હોય તો તેની જવાબદારી નિશ્ચિત સમયે શરૂ થાય છે . દરખાસ્ત કાપલી પર સહી કરવામાં આવે છે અને બંધ કાપલી પૂરી પાડવામાં આવે તે દરમિયાન જોખમ ખુલ્લું ( Open ) રહે છે . બંધ કાપલી આપવામાં આવતાં જોખમ સ્વીકૃત બને છે અને પોલિસી કાઢી આપવામાં આવે છે .

કાપલી એ કાયદેસર રીતે બંધનકર્તા નથી . જો પોલિસી પર યોગ્ય રકમના રેવન્યુ સ્ટેમ્પ લગાડેલ ન હોય તો દરિયાઈ વીમાનો કરાર યથાર્થ ગણાતો નથી . છતાં પણ વીમાદાર સંસ્થા પોતાની નૈતિક જવાબદારી સમજીને દરખાસ્ત કાપલી પછી તરત જ નુકસાન થાય તો ( કાનૂની જવાબદારી ન હોવા છતાં ) તે ભરપાઈ કરે છે .

[ 5 ] દરિયાઈ વીમાના મૂળભૂત સિદ્ધાંતો :

વીમાની પ્રવૃત્તિ દિવસે દિવસે વિકસતી જાય છે . પરદેશ મોકલવામાં આવતા માલનો દરિયાઈ જોખમ સામે વીમો ઉતારવામાં આવે છે તેમ જ નૃત્યાંગનાના

પગની પાનીઓનો  કે અભિનેતાના નાકનો પણ વીમો
ઉતરાવામાં આવે છે .  પરંતુ
આની  પાછળ કેટલાક સિદ્ધાંતો રહેલા છે . વીમા કરારના
મૂળભૂત સિદ્ધાંતો દરિયાઈ
વીમા કરારને લાગુ  પડે છે , આ સિદ્ધાંતો  નીચે મુજબ છે
:

( ૧ )  સંપૂર્ણ ભરોસાનો સિદ્ધાંત ( Good Faith )

( ૨ ) વીમાયોગ્ય હિતનો સિદ્ધાંત ( Insurance
Interest )

( ૩ ) નુકસાન વળતરનો સિદ્ધાંત ( Compensation
)

( ૪ ) હક્કબદલાનો સિદ્ધાંત ( Subrogation )

પાન નં ૧૧૨

( ૧ )  સંપૂર્ણ ભરોસાનો સિદ્ધાંત ( Principle of
Utmost Good
Faith ) :

કોઈ પણ પ્રકારનો વીમાનો કરાર એ પરસ્પર વિશ્વાસ ,
સદ્ભાવના , પ્રમાણિકતા
અને ભરેસાના પાયા પર  આધારિત કરાર છે . આ
સિદ્ધાંત અનુસાર વીમા

કરાર અંગેની પ્રત્યેક માહિતી કે વિગત દરેક પક્ષકારે જણાવવી જોઈએ . ( પછી ભલે પૂછવામાં આવી હોય કે ન પૂછવામાં આવી હોય ) દરિયાઈ વીમામાં સંપૂર્ણ ભરોસાનો સિદ્ધાંત મહત્ત્વનો છે . દરિયાઈ વીમાનાં દરેક સંજોગોને મહત્ત્વની બાબત ગણવામાં આવે છે . મહત્ત્વની હકીકતોની જાણકારી વીમો આપનાર પક્ષકારને વીમો આપવો કે ન આપવો તેનો નિર્ણય કરવામાં તેમ જ વીમા પ્રીમિયમનો દર નક્કી કરવામાં ઉપયોગી થઈ પડે છે . ઉદાહરણ તરીકે જ્યારે પરદેશ માલ મોકલવામાં આવે ત્યારે આ માલનો જરિયાઈ જોખમ સામે વીમો ઉકારવામાં આવે છે . જો માલ એવા પ્રકારનો હોય અથવા એવા હાલતમાં હોય કે દરમિયાન ભેજની થોડી અસર થતાં તે બગડી જાય તો વીમો ઉતરાવનારે પોલિસી લેતી વખતે વીમા કંપનીને આની જાણ કરવી જોઈએ . જો આ હકીકત છૂપાવીને વીમાની પોલિસી લેવામાં આવે તો તે છેતરપિંડી કરી કહેવાય અને વીમા કંપનીને ભવિષ્યમાં આની જાણ થતાં કરાર રદ થયેલો ગણે છે .

સંપૂર્ણ ભરોસાના સિદ્ધાંત અનુસાર મહત્ત્વની હકીકતો જણાવવાની પક્ષકારોની ફરજ હોવા છતાં પણ નીચે જણાવ્યા મુજબના સંજોગોમાં કોઈક

હકીકત જાહેર કરવામાં ન આવી હોય તો પણ આ સિદ્ધાંતનો ભંગ થાય છે એમ ગણવામાં આવતું નથી .

( ૧ ) જોખમનાં તત્ત્વને કે પ્રમાણને ઓછું કરે તેવી માહિતી .

( ૨ ) સામાન્ય પ્રકારની માહિતી જે વીમા કંપની તાર્કિક અનુમાન કરી તારવી શકે .

( ૩ ) વીમા કંપનીએ માહિતી જતી કરી હોય .

( ૪ ) દરિયાઈ વીમાના કરારની શરતો કે ઉપશરતોને આધીન હોય તેવી હકીકત .

### ( ૨ ) વીમાયોગ્ય હિતનો સિદ્ધાંત ( Principles of Insurable Interest ) :

દરિયાઈ વીમામાં વીમાયોગ્ય હિતનાં સિદ્ધાંતનું પાલન આવશ્યક છે . દરિયાઈ વીમોના સંદર્ભમાં વીમાયોગ્ય હિતનો અર્થ એવો તારવી શકાય કે વીમો લેનારને માલ સાથે એવો સંબંધ હોવો જોઈએ કે માલના સહિસલામત રીતે નિશ્ચિત સ્થળે પહોંચવાથી તેને ફાયદો થાય અને જો દરિયાઈ સફરમાં

માલને નુકસાન થાય તો

પાન નં ૧૧૩

તેને ખોટ જાય . અહીં એક બાબતનો ઉલ્લેખ કરવો જરૂરી છે કે જ્યારે દરિયાઈ
વીમાનો કરાર કરવામાં આવે ત્યારે વીમાદાર વીમાવસ્તુમાં વીમા યોગ્ય હિત ધરાવતો
ન પણ હો કારણ કે દરિયાઈ સફર દરમિયાન માલનું ખરીદ - વેચાણ કે આયાત -
નિકાસ કરી માલની માલિકી બદલાઈ જાય છે . પરંતુ માલને ખરેખર નુકસાન
થાય ત્યારે પક્ષકાર વીમાયોગ્ય હિત ધરાવતો જ હોવો જોઈએ . નુકસાન
ઉપસ્થિત થાય તે વખતે વીમાદાર વીમાવસ્તુમાં વીમાયોગ્ય હિત ધરાવતો હોય તો
તે પૂરતું છે કારણ કે તેથી તે નુકસાનનો દાવો કરી શકે છે . દરિયાઈ વીમાની
પોલિસીની અન્ય વ્યક્તિની તરફેણમાં ફેરબદલી થઈ શકતી હોવાથી ( વેચાણ થઈ
શકતું હોવાથી ) આ પોલિસીથી ઉદ્ભવતા અધિકારોની પણ ફેરબદસી થઈ શકે
છે . દરિયાઈ વીમામાં નીચે દર્શાવેલ વ્યક્તિઓ વીમાયોગ્ય હિત ધરાવતી હોય શકે :

( ૧ ) આયાતકારને આયાત માલમાં તેમ જ નિકાસકારને નિકાસ કરેલ માલમાં ;

( ૨ ) જહાજનાં માલિકને જહાજમાં ;

( ૩ ) આયાત બંદરે માલ ઊતર્યા પછી જ નૂર મળવાનું હોય તો તેવા સંજોગોમાં
જહાજી કંપનીને નૂરની રકમમાં ;

( ૪ ) કપ્તાન કે ખલાસીઓને પોતાના વેતન માટે જહાજમાં ;

( ૫ ) માલ કે જહાજ પર ધિરાણ કરતી સંસ્થાને ધિરાણ રકમ માટે માલ કે
જહાજમાં ;

( ૬ ) વીમા સંસ્થાને પુનર્વીમો લેવા માટે ;

( ૭ ) વીમાવસ્તુ ગીરવી મૂકી હોય ત્યારે ગીરો રાખનાર કે ગીરો મૂકનાર બંને પક્ષને .

( ૩ ) નુકસાનવળતરનો સિદ્ધાંત ( Principle of Compensation ) :

વીમા કરારનો મુખ્ય ઉદ્દેશ આકસ્મિક જોખમને પરિણામે ઉપસ્થિત થતી નુક - સાની સામે રક્ષણ પૂરું પાડવાનો છે . દરિયાઈ વીમાનો કરાર પણ નુકસાનવળતરનાં સિદ્ધાંતના પાયા પર રચાયેલો છે . એટલે કે વીમા કંપની વીમો લેનારને , ચોક્કસ પ્રકારનાં દરિયાઈ જોખમથી થયેલું નુકસાન ભરપાઈ કરવાનું વચન આપે છે .

દરિયાઈ વીમા કરારમાં નુકસાનવળાતરના સિદ્ધાંત પ્રમાણે હંમેશાં
નુકસાનવળતર રોકડમાં અપાય છે . સ્વાભાવિક છે કે નાશ પામેલ વસ્તુને
બદલે વસ્તુ આપવી વીમા કંપની માટે શક્ય કે સરળ નથી . ઉદાહરણ તરીકે
મુંબઈનો એક વેપારી રૂ . ૫૦ , ૦૦૦ ના માલનો વીમો લઈ જહાજ દ્વારા માલ
ન્યૂયોર્ક બંદરે મોકલે છે . દરિયાઈ તોફાનને લીધે રૂ . ૩૦ , ૦૦૦ નો માલ નાશ પામે
તો વીમા કંપની ફક્ત રૂ . ૩૦ , ૦૦૦ જે ખરેખર થયેલું નુકસાન છે તે કરકમ પૂરતું
જ વળતર રોકડમાં ચૂકવશે . પછી પોલિસી ભલે રૂ . ૫૦ , ૦૦૦ ની હોય .

પાન નં ૧૧૪

વીમાનો કરાર એ વળતરનો અને માત્ર વળતરનો કરાર છે .
વીમો ઉતરાવનારનો વીમાના કરાર મારફતે નફો પ્રાપ્ત કરવા દેવામાં
આવતો નથી . જો આ સિદ્ધાંતની અવગણના કરી વીમો લેનારને નુકસાનમાંથી
નફો કરવા દેવામાં આવે તો વીમો લેનાર પોતે જ નુકસાની ઉપસ્થિત કરવા તરફનું
કે બેદરકારીભર્યું વલણ દર્શાવે જેથી નફો કરી શકે . વીમાનો મુખ્ય ઉદ્દેશ નુકસાન
વિશાળ સમુદાયમાં ફાળવી નાખવાનો છે . માલની કિંમત કરતાં વધુ રકમનો વીમો

લેવા છતાં પણ માલની ખરેખર કિંમત જ નુકસાનરૂપી મેળવી શકાય . દરિયાઈ
વીમાના કરારની પોલિસીમાં જ વીમાવસ્તુની કિંમત જણાવેલી હોય છે .

( ૪ ) હક્કબદલાનો સિદ્ધાંત ( Principles of Subrogation ) :

આ સિદ્ધાંત એ નુકસાનવળતરનાં સિદ્ધાંતનો જ ઉપસિદ્ધાંત છે . તે મુજબ
વીમો લેનારને જે નુકસાન થયું હોય તે પૂરેપૂરું ભરપાઈ કર્યા પછી નુકસાન
પામેલ મિલકતની માલિકી અને તે મિલકતનો નિકાલ કરવાનો હક્ક વીમા કંપનીને
મળે છે . ટૂંકમાં વીમાદાતા ( વીમા કંપની ) વીમાદારનું સ્થાન પ્રાપ્ત કરે છે . તેથી
હક્કબદલાના સિદ્ધાંત અનુસાર દરિયાઈ તોફાનથી જો કોઈ જહાજ સંપૂર્ણ નાશ
પામે તો વીમા કંપની જ્યારે નુકસાનીના પૂરેપૂરા નાણાં ચૂકવી આપે ત્યાર બાદ
નાશ પામેલ જહાજ ( કાટમાલ ) વીમા કંપનીની માલિકીનું બની જશે તેમ જ
ત્રાહિત વ્યક્તિ સામે નુકસાનીનો દાવાનો હક્ક પણ વીમા કંપનીને મળશે તેમ જ
આ જહાજ વેચવાથી જે નાણાં ઊપજે છે તે પણ પોતાની પાસે રાખવાનો વીમા
કંપનીને અધિકાર મળે છે .

[ 6 ] દરિયાઈ વીમાની ઉપશરતો ( Warranties in Marine Insu -
rance ) :

દરિયાઈ વીમાના કરારની શરતોનો વીમા પોલિસીમાં સમાવેશ કરવામાં આવે
છે . આવી શરતોનું પાલન ન થાય તો વીમા કરાર રદબાદલ ગણાય
છે . આ શરતોમાં સામાન્યત: નીચેની વિગતો આવે છે : ( ૧ ) જહાજની
સફર શરૂ થવાનો સમય , ( ૨ ) અમુક ચોક્કસ સમયે જહાજની સલામતી , ( ૩ )
જહાજની સફર પરની મર્યાદા હોય તો તે ( ઉદાહરણ તરીકે જહાજને અમુક
વિસ્તારમાં સફર કરવાની મનાઈ ફરમાવેલી હોય . )

આ લેખિત શરતો ઉપરાંત કેટલીક ઉપશરતો ( Warranties )
દરિયાઈ વીમા કરારમાં હોય છે . ઉપશરત એ પોલિસીની કલમ બરાબર છે
અને તેના ભંગને લીધે વીમો ઉતારનાર પોલિસી રદ કરી શકે છે કારણ કે ઉપ -
શરતનો ભંગ કરારભંગ બરાબર ગણાય છે .



આવી શરતો બે પ્રકારની છે :

( અ ) ગર્ભિત ઉપશરતો – સૂચિત ઉપશરતો

( બ ) લેખિત ઉપશરતો – સ્પષ્ટ ઉપશરતો

( અ ) ગર્ભિત ઉપશરતો – સૂચિત ઉપશરતો ( Implied Warranties ) :

દરિયાઈ વીમાની ગર્ભિત ઉપશરતો એટલે એવા પ્રાકરની ઉપશરતો કે જેમનો લેખિત નિર્દેશ વીમા પોલિસીમાં કરવામાં આવતો નથી . તેમ છતાં તેમનું અસ્તિત્વ માની લેવાય છે અને તેમના અક્ષરશઃ પરિપાલનની અપેક્ષા રાખવામાં આવે છે . ગર્ભિત ઉપશરતો અદાલતોના ચુકાદાઓમાંથી ઉદ્ભવેલ દરિયાઈ વીમાની વ્યાપારી પ્રણાલિકાઓ છે , જેનો અમલ વીમા કરારના બંને પક્ષોએ કરવો પડે છે .

આ ગર્ભિત ઉપશરતો નીચે દર્શાવ્યા પ્રમાણે છે :

( ૧ ) સફરની કાયદેસરતા ( Legality of the Voyage )

( ૨ ) જહાજની સમુદ્રયોગ્યતા ( Seaworthiness of the vessel )

( ૩ ) જરૂરી ખતપત્રોનું અસ્તિત્વ ( Proper Documentation of

the Ship )

( ૪ ) માર્ગાંતર ( Deviation )

( ૫ ) ઢીલ ( Delay )

( ૧ ) સફરની કાયદેસરતા ( Legality of the Voyage ) :

જહાજની સફર કાયદેસરની હોવી જોઈએ . જે દેશમાં કરાર થયો હોય તે
દેશનો કાયદો આંતરરાષ્ટ્રીય કાયદાઓ તેમ જ બંધનોને માન્ય કરે છે . વીમા
પોલિસી લેનાર વ્યક્તિના પક્ષે એવી શરત રહે છે કે કાયદેસરની હેતુ માટે જ
સફર કરવામાં આવી રહી છે . સફર દરમિયાન કોઈ પણ પ્રકારની ગેરકાયદેસર
પ્રવૃત્તિનું ( દાણચોરી , જાસૂસી , દુશ્મનો સાથે વેપાર ) આચરણ થવું જોઈએ નહિ .
ઉદાહરણ તરીકે એડન જેવા બંદરેથી સોનાની હેરફેર મુક્ત રીતે થઈ શકતી હોય
પરંતુ ભારતનાં બંદરે તેમ ન હોય તો એડનથી ભારત આવનાર સોનાનો વીમો
ઉતરાવી શકાતો નથી . આઐવી ઉપશરતો રાખવા પાછળનો હેતુ ગેરકાયદેસર સફરોને
વીમાની સેવાઓનો લાભ ન મળે તે છે .

( ૨ ) જહાજની સમુદ્રયોગ્યતા ( Seaworthiness of

the vessel ) :

દરિયાઈ વીમાની પોલિસી લેતી વખતે એવી ગર્ભિત શરત હોય છે કે જહાજ
સમુદ્રમાં સફર કરવા યોગ્ય સ્થિતિમાં છે . સફરના સામાન્ય જોખમનો સામનો
કરી શકે એવી પરિસ્થિતિમાં એ છે . આ ઉપશરત અનુસાર વીમારક્ષિત



જહાજ અથવા તો જે જહાજમાં વીમારક્ષિત માલસામાનનું વહન કરવાનું છે તે
તેની સફરના શરૂઆતના તબક્કે અથવા જો સફર તૂટક તૂટક હોય ( તબક્કાવાર ) તો
સફરના પ્રત્યેક તબ્બકાની શરૂઆતના સમયે સમુદ્રયોગ્ય હોવું જોઈએ . બીજા
શબ્દોમાં કહીએ તો વહાણ પૂરતું મજબૂત હોવું જોઈએ . યોગ્ય સાધનસામગ્રીથી
સુસજ્જ હોવું જોઈએ , તેમાં પૂરતાં પ્રમાણમાં અધિકારીઓ અને નાવિકો હોવા
જોઈએ . પૂરતું બળતણ હોવું જોઈએ અને વધારે પડતો માલસામનનો બોજો
ન હોવો જોઈએ . જે ઋતુમાં જહાજ જવાનું હોય , જે માર્ગે અને જે માલ
લઈને જવાનું હોય તેને અનુકૂળ જહાજ મજબૂતાઈ સદ્ધરતામાં હોવું જોઈએ .

સમુદ્ર યોગ્યતા એક જ વર્ષની ઋતુઓ પ્રમાણે અને

માલની જાત પ્રમાણે , એક જ મહાસાગરના જુદા જુદા ભાગો પ્રમાણે કે જુદા જુદા સમુદ્ર પ્રમાણે બદલાતી રહે છે . કિનારાનાં જહાજો મોટા સમુદ્રની સફરો માટે સમુદ્રયોગ્ય નથી . જો સ્વચ્છ અને શાંત દરિયામાં પ્રવેશતાં જ જહાજ ડૂબી જાય તો નુકસાન સમુદ્ર યોગ્યતાને અભાવે થયું છે તેમ કહી શકાય અને વીમા કંપની જવાબદારીમાંથી મુક્ત થાય છે . જો કે જહાજ સમુદ્રયોગ્ય છે કે નહીં તે પ્રશ્નનો નિકાલ અદાલત જ લાવી શકે છે .

એક બાબત ધ્યાનમાં રાખવી જરૂરી છે કે સમુદ્રયોગ્યતા જહાજનને જ લાગુ પડે છે , તેમાં જતાં માલસામાનને નહીં .

( ૩ ) જરૂરી ખતપત્રોનું અસ્તિત્વ ( Proper Documentation of the Ship ) :

સફરની કાયદેસરતા પૂરવાર કરવા માટેના તમામ જરૂરી ખતપત્રો અને દસ્તાવેજો જહાજ પર હોવા જોઈએ . ખાસ કરીને યુદ્ધના સમયમાં જ્યારે સફર શરૂ કરવાની હોય ત્યારે જહાજ ‘ તટસ્થ ’ છે એમ દર્શાવતા કાયદેસરનાં દસ્તાવેજો સફર શરી કરવામાં આવે ત્યારે જહાજ પાસે છે એવી

ગર્ભિત ઉપશરત હોય છે .
આ ઉપરાંત જહાજની નોંધણી અંગેનાં દસ્તાવેજો કે
પ્રમાણપત્રો જુદા જુદા બંદરી
વિસ્તારમાં પ્રવેશવા માટે , તેમાં લાંગરવા માટે અને ત્યાં
માલસામાન ઉતારવા -
ચઢાવવા માટેનાં બંદરી સત્તાવાલાઓ તરફથી મળેલા
પરવાના વગેરે કાગળિયાં
જહાજ પર હોવા જોઈએ .

( ૪ ) માર્ગાન્તર ( Deviation ) :

આ ઉપશરત અનુસાર જહાજે યોગ્ય સમયમાં સફર શરૂ
કરી ; રોજિંદા
( Customary ) માર્ગે નિયત મુકામે પહોંચી , બનતી ત્વરાથી
માલ સલામત રીતે ,
બંદરે ઉતારી નાખવો જોઈએ . જો વીમા પોલિસીમાં
જહાજની સફર અને તેનો
માર્ગ દર્શાવવામાં આવ્યો હોય તો તે સૂચિત માર્ગે જ તે
સફર પૂર્ણ થવી જોઈએ .

પાન નં ૧૧૭

જો પોલિસીમાં સફરના માર્ગનું નિર્દેશન કરવામાં ન આવેલું
હોય તો તે સફર
પરંપરાગત ( નિયમિત ) વપરાતા માર્ગે જહાજે મુસાફરી
કરીવ જોઈએ . જહાજે
માર્ગમાં આવતા બંદરોએ ક્રમમાં રોકાવું જોઈએ . જો આ
બાબતમાં લેખિત

સૂચનાઓ આપી હોય તો તેનું ચુસ્ત રીતે પાલન થવું જોઈએ . જો ઉપરોક્ત શરતોમાંથી કોઈ પણ શરતનો ભંગે થાય તો માર્ગાન્તર થયું કહેવાય .

દરિયાઈ વીમા પોલિસીની ગર્ભિત શરત એ છે કે જહાજે આવું માર્ગાન્તર કરવાનું નથી . જો જહાજ આવું માર્ગાન્તર કરે તો વીમા કંપની પોતાની જવાબદારીમાંથી મુક્ત થઈ જાય છે . માર્ગાન્તર પોલિસીને બિનઅસરકારક બનાવી દે છે . લાંબું માર્ગાન્તર પોલિસીને રદ કરે છે . જો માર્ગાન્તર કૂબ જ ટૂંક સમય માટે કે થોડી હદ માટેનું જ હોય તો એ સમય કે હદ સુધી જ રહે છે . તે પૂરું થતાં જ પોલિસી ફરીથી ચાલુ થઈ જાય છે . ઉદાહરણ તરીકે ૨ કલાક કે ૧૦ કિલોમીટર માટે થયેલું માર્ગાન્તર તે સમય કે અંતર પૂરતું જ પોલિસીને બિનઅમલી બનાવે છે . કરારને રદ કરવા માર્ગાન્તરની માત્ર ઈચ્છા થાય તે પરંતુ નથી , પરંતુ માર્ગાન્તર ખરેખર કાર્યમાં થયું હોવું જોઈએ .

અપવાદ : કેટલીક વખત જહાજની સફર દરમિયાન મુકરર માર્ગને વળગી રહેવું મુશ્કેલ બને છે . કેટલાક ખાસ સંજોગોમાં માર્ગાન્તર થયું હોય તો પણ અપવાદરૂપે પોલિસી ચાલુ ગણાય છે અને બંને પક્ષકારોને બંધનકર્તા રહે છે .

નીચે જણાવેલા સંજોગોમાં માર્ગાન્તર કરવામાં આવ્યું હોય તો તે
ક્ષમ્ય ગણાશે :

( ૧ ) જહાજ અને / અથવા તે પરના માલસામનનો સંપૂર્ણ વિનાશ થતો અટકાવવા
દા . ત . , જહાજ બરફના ડુંગર સાથે અથડાય અથવા જહાજના સમારકામ માટે ,

( ૨ ) કેપ્ટન કે ખલાસીઓના કાબૂ બહારના સંજોગોને લીધે તેમ થયું હોય . દા . ત . ,
દરિયાઈ તોફાનથી જહાજ ઘસડાઈને બીજે માર્ગે ચાલ્યું જાય .

( ૩ ) જહાજના કેપ્ટન કે તે પરનાં નાવિકોએ ( ખલાસીઓએ ) બળવો પોકાર્યો હોય .

( ૪ ) જહાજ પરના કોઈ માણસની જિંદગી બચાવવા માટે .

( ૫ ) સંકટમાં આવી પડેલા જહાજ અને તેમાંના કોઈક માણસની જિંદગી ભયમાં
હોય તો તેની મદદ માટે .

( ૬ ) જ્યારે અન્ય ઉપશરતના પાલન માટે માર્ગાન્તર થાય , દા . ત . , જહાજ સમાર -
કામ માટે માર્ગાન્તર કરે ; ( જહાજને સમુદ્ર યોગ્ય કરવા માટે )

( ૭ ) દાક્તરની સારવાર લેવાને માટે .

( ૮ ) વીમા પોલિસીમાં માર્ગાન્તર કલમ હોય તો વીમા માલિક માર્ગાન્તર માટે જવાબદાર ગણાતો નથી .

પાન નં ૧૧૮

માર્ગાન્તર માફ કરતું પૂરું થાય પછી થોડા જ સમયમાં જહાજે ફરી જૂના માર્ગ પર આવી જવું જરૂરી છે .

માર્ગાન્તર ( Deviation ) અને સફર બદલી ( Changes in the Voyage ) એ બેમાં તફાવત છે . સફરમાં બદલી એટલે જહાજનાં અંતિમ મુકામમાં ફેરબદલી . જ્યારે માર્ગાન્તર એટલે જહાજનાં માર્ગની ફેરબદલી .

( ૫ ) ઢીલ ( Delay ) :

દરિયા પરની મુસાફરીમાં વધારે પડતી અકારણ ( unreasonable ) ઢીલ ન થવી જોઈએ . આ ઉપરાંત માલસામાન ચડાવવા , ઉતારવા , હેરફેરમાં ઉતાવળ કરવી જરૂરી છે . નહિ તો તે વધારે પડતી અકારણ ઢીલ થઈ ગણાય છે . ઉદાહરણ તરીકે ઢીલ ઢવાથી માલની જાત બગડી જાય તો જોખમનો પ્રકાર બદલાઈ જાય છે .

સમય પોલિસી સિવાય , જોખમ  વાજબી સમયમાં શરૂ થાય છે . વીમા કંપની
હંમેશાં પોલિસી કાઢી આપ્યાની તારીખથી જવાબદાર ગણાતી નથી . સફર -
પોલિસીમાં સફરની શરૂઆત  સાથે જોખમની જવાબદારી શરૂ થાય છે .  જો સફર
મોડી શરૂ થાય  કે ઢીલમાં પડે તો જોખમ અંગેનો ખ્યાલ જે વીમાદાતાનાં
મનમાં હતો તે ઘણો બદલાઈ જાય છે  અને  કદાચ તે મોટી સફરનું જોખમ લેવા
અનિચ્છા પણ દર્શાવે  અને  તેથી વીમા કંપનીને આ જવાબદારીમાંથી  મુક્ત કરે છે .

( બ )  લેખિત  કે સ્પષ્ટ ઉપશરતો ( Express Warranties ) :

લેખિત ઉપશરતો વીમા કરારનાં ઉભય પક્ષકારોની સંમતિથી લખાયેલી હોય
છે .  લેખિત ઉપશરતો વીમો ઉતરાવનારની જાણ  અથવા કાબૂ અંદરની હોય છે .
કોઈ પણ  લેખિત ઉપશરતોનો ભંગ વીમા કંપનીને પોલિસી રદ કરવાનો અધિકાર
આપે છે .  લેખિત ઉપશરતચો ગમે તેટલી સંખ્યામાં હોઈ શકે . આ ઉપશરતોમાં
માલ જહાજના તૂતક પર  રાખવો  કે  નહિ , જહાજ કઈ જાતનું હોવું જોઈએ ,
જહાજ કઈ તારીખે સફર શરૂ કરશે  વગેરે હોય છે .

( ૧ ) પ્રાસ્તવિક :

જે દસ્તાવેજમાં બે પક્ષકારો વચ્ચેનો દરિયાઈ વીમાનો કરાર હોય છે તેને
દરરિયાઈ વીમાની પોલિસી કહે છે . જ્યારે વીમા લેવામાં આવે છે ત્યારે પ્રીમિયમ
ભરાતાં તાત્કાલિક વીમો ઉતરાવનારને " કવર નોટ " આપવામાં આવે છે અને
પાછળથી પોલિસી આપવામાં આવે છે .

પોલિસીમાં સામાન્ય રીતે નીચેની બાબતો જણાવવામાં આવે છે :

( ૧ ) જે વ્યક્તિએ વીમો લીધો હોય છે તેનું નામ કે તેના એજન્ટનું નામ .

( ૨ ) જે વસ્તુનો વીમો ઉતરાવવામાં આવ્યો હોય તેનું નામ તથા જે જોખમ
સામે વીમો લીધો હોય તેનો ઉલ્લેખ .

( ૩ ) જે સફર કે મુદત પોલિસી દ્વારા આવરી લેવામાં આવ્યાં હોય તે .

( ૪ ) વીમાની રકમ .

( ૫ ) વીમો ઉકારનાર કંપનીનું નામ .

પાન નં ૧૨૩

દરિયાઈ વીમાની પોલિસી પર  યોગ્ય રકમનો સ્ટેમ્પ લગાડેલો હોવો જોઈએ .
કારણ  કે સ્ટેમ્પ એકટ મુજબ દરિયાઈ વીમાની પોલિસી પર સ્ટેમ્પ લગાડવો
ફરજિયાત છે .  નહિ તો અદાલત આ પોલિસી હેઠળનો કોઈ દાવો સાંભળશે  નહિ .

( ૨ ) પોલિસીનું ફોર્મ :

મોટા ભાગની દરિયાઈ વીમાની કંપનીઓ સમાન પ્રકારના ફોર્મના ઉપયોગ
કરે છે . લોઈડઝે ૧૭૯૯ માં એની પોલિસીના સ્ટાન્ડર્ડ ફોર્મ તરીકે જે ફોર્મ
અપનાવ્યું હતું તે જ ફોર્મ ૧૯૬૦ બ્રિટિશ દરિયાઈ વીમાના કાયદામાં પરિ -
શિષ્ટ તરીકે આપ્યું છે . આજે મોટા ભાગની દરિયાઈ વીમા કંપનીઓ આ જ
ફોર્મનો ઉપયોગ કરે છે .

( ૩ ) દરિયાઈ વીમાની પોલિસીના પ્રકારો ( Types of Marine
Insurance policies ) :

દરિયાઈ વીમાનું ક્ષેત્ર એટલું વિશાળ છે  કે સંજોગો પ્રમાણે જુદા જુદા

પ્રકારની પોલિસીઓ લેવામાં આવે છે . આ બધી પોલિસીઓ દરિયાઈ જોખમ સામે રક્ષણ આપે છે . આ પોલિસીઓ તેમની વિશિષ્ટતાથી પારખી શકાય છે . તેમ જ જુદી તારવી શકાય છે .

" The document embodying the contract of marine insurance is known as a marine insurance policy such a contract must be in writing unless it is embodied in a written document , known as a policy . It is inad - missible in evidence . "

અભ્યાસક્રમની સરળતા ખાતર આ વિવિધ પોલિસીઓનું નીચે મુજબના ચાર વિભાગમાં વર્ગીકરણ થઈ શકે .

( અ ) વીમાદારના હિતની દૃષ્ટિએ : ( ૧ ) જહાજ પોલિસી ( Hull Policy )

( ૨ ) માલની પોલિસી ( Cargo policy )

( ૩ ) નૂરની પોલિસી ( Freight policy )

( બ ) પોલિસીના સમયની દૃષ્ટિએ : ( ૧ ) સમય પોલિસી ( Time policy )

( ૨ ) સફર પોલિસી ( Voyage policy )

( ૩ ) સંયુક્ત પોલિસી ( Mixed policy )

( ક ) વીમા માલની કિંમતની દૃષ્ટિએ : ( ૧ ) મૂલ્યાંકિત પોલિસી ( Valued policy )

( ૨ ) અમૂલ્યાંકિત પોલિસી ( Unvalued policy )

પાન નં ૧૨૪

( ડ ) વીમા , માલ જહાજ  કે માલના ( ૧ ) અનામી પોલિસી ( Unnamed Policy )

( ૨ ) નામવાળી પોલિસી ( Named Policy )

( ૩ ) સમૂહ પોલિસી ( Fleet Policy )

( ૪ ) તરતી પોલિસી ( Floating Policy )

( ૫ ) અવરિત પોલિસી ( Blanket Policy )

( ૬ ) વીમા યોગ્ય હિત વગરની પોલિસી ( P . P . I . ) Poilcy Proof of Interest )

( ૭ ) સર્વઆવરિત પોલિસી ( Block Policy )

( ૮ ) નાણાં પોલિસી ( Currency Policy )

( ૯ ) આનંદપ્રમોદ નૌકા પોલિસી ( Yatch Policy )

( અ ) વીમાદારના હિતની દૃષ્ટિએ :

વીમાદારના હિતની દૃષ્ટિએ દરિયાઈ વીમાની પેલિસીના નીચે વર્ણવ્યા મુજબના ત્રણ  પ્રકારો જોવા મળે છે :

( ૧ ) જહાજ પોલિસી ( Hull Policy ) :

જહાજનો વીમો જહાજ માલિક ઉતરાવે છે . તેને જહાજનો વીમો ( Hull Policy ) કહેવાય છે .

( ૨ ) માલની પોલિસી ( Cargo Policy ) :

માલનો માલધણી જે માલનો વીમો ઉતરાવે છે તેને માલનો ( Cargo Policy ) કહેવાય છે .

( ૩ ) નૂરની પોલિસી ( Freight Policy ) :

જહાજમાં માલ લઈ જવાનું નૂર ( Freight ) ઘણી વાર માલ નિયતે સ્થળે પહોંચે તો મળે છે અને આવા સંજોગોમાં તેનો પણ વીમો લેવામાં આવે છે .
તેને નૂર વીમો ( Freight Policy ) કહેવાય છે .

( બ ) પોલિસીના સમયની દૃષ્ટિએ :

( ૧ ) સમય પોલિસી ( Time Policy ) :

આ પ્રકારની દરિયાઈ વીમા પોલિસીમાં સફરને ધ્યાનમાં લીધા વિના અમુક ચોક્કસ મુદત કે સમય માટે દરિયાઈ વીમો લેવામાં આવે છે . ઉદાહરણ તરીકે

એક   કે બે  વર્ષ સુધીની પોલિસી . આ સમયગાળા દરમિયાન વીમો ઉતરાવેલ વસ્તુને
નુકસાન થાય તો વીમા કંપની ચૂકવી  આપે છે . આ સમય દરમિયાન જહાજ
ગમે તે બંદરે , ગમે તે સમુદ્રમાં મુસાફરી કરી  શકે છે . આવી પોલિસી ખાસ  કરીને

પાન નં ૧૨૫

જહાજનો વીમો ઉતરાવતી  વખતે લેવામાં આવે છે . જહાજના મોલિકને આ પ્રકારની
પોલિસી મદદરૂપ થઈ પડે છે . કારણ  કે સફર પૂરી થયે નવી પોલિસી કઢાવવાની
જરૂર રહેતી નથી . ઉતારુ જહાજ  માટે આ પોલિસી  વધુ અનુકૂળ થઈ પડે છે .
તે  ઉપરાંત એક  વર્ષ સુધી  સતત માલ જુદે જુદે સ્થળે મોકલવાનો હોય  ત્યારે
માલ  માટે પણ આ પોલિસી લેવી અનુકૂળ થઈ પડે છે .

( ૨ ) સફર પોલિસી ( Voyage Policy ) :

અમુક  મુકરર કરેલી દરિયાઈ સફર  માટે જે પોલિસી કાઢવામાં આવે છે તેને
સફર પોલિસી કહેવાય છે . બીજા શબ્દોમાં કહીએ તો જે પોલિસીમાં માલનો વીમો
અમુક બંદર સુધીની  ચોક્કસ સફર પૂરતો જ ઉતારવામાં આવે છે તેને સફર પોલિસી
કહેવામાં આવે છે . આ પ્રકારના કરારની મુદત  નક્કી કરવામાં આવતી નથી .

ઉદાહરણ તરીકે મુબઈથી ન્યૂયોર્કની સફર માટે પોલિસી લેવામાં આવે તો તે સફર
પૂરી કરતાં ૩૫ દિવસ થાય કે ૪૫ દિવસ થાય તે મહત્ત્વનું નથી . મુકરર સફર
દરમિયાન જો દરિયાઈ નુકસાન થાય તો તે અંગે નુકસાન ભરપાઈ કરવા વીમા
કંપની બાંયધરી આપે છે . આ સફર પૂરી થવાથી પોલિસીનો પણ આપોઆપ અંત
આવે છે . માલની વીમા પોલિસીઓ મહદ્અંશે આ પ્રકારની હોય છે . જહાજ
માટે આ પ્રકારની પોલિસી ઉતરાવવી યોગ્ય નથી કારણ કે જહાજ તો હંમેશાં
જુદા જુદા બંદરે સતત ફરતાં રહે છે . સફર પોલિસીમાં જોકમ , માલ જહાજ
પર મૂકવામાં આવે ત્યારથી શરૂ થાય છે .

( ૩ ) સંયુક્ત પોલિસી ( Mixed Policy ) :

આ પ્રકારની દરિયાઈ વીમા પોલિસીમાં નિશ્ચિત સમય તથા સફર માટે
વસ્તુનો વીમો લેવામાં આવે છે . ઉદાહરણ તરીકે કલકત્તાથી ન્યૂયોર્ક સફર માટે
સમય તા . ૧ - ૧ - ૮૧ થી ૩૧ - ૧૨ - ૮૧ સુધીનો . આમ ઐ પ્રકારની પોલિસી એ
સફર પોલિસી અને સમય પોલિસીનું મિશ્રણ છે .

( ક ) વીમા માલની કિંમતની દષ્ટિએ :

( ૧ ) મૂલ્યાંકિત પોલિસી ( Valued Policy ) :

વીમો લેતી વખતે વીમાવસ્તુનું મૂલ્ય નક્કી કરવામાં આવે અને નુકસાન
વળતર ચૂકવતાં તે મૂલ્ય ધ્યાનમાં લેવામાં આવે તો તેને મૂલ્યાંકિત પોલિસી કહે
છે . આમ મૂલ્યાંકિત પોલિસીમાં વીમો ઉતરાવતી વખતે જ વીમાવસ્તુનું મૂલ્ય નક્કી
કરીને લખવામાં આવે છે જેથી નુકસાન થાય ત્યારે તે નક્કી કરવાની મુશ્કેલી
રહેતી નથી . માલની કિંમત નક્કી કરતી વખતે માલની મૂળ કિંમત ઉપરાંત નૂર ,
પ્રીમિયમની રકમ અને સાધારણ નફાની રકમ ધ્યાનમાં લેવામાં આવે છે . મહદ્ -
અંશે વીમાની પોલિસીઓ મૂલ્યાંકિત હોય છે .

પાન નં ૧૨૬

( ૨ ) અમૂલ્યાંકિત પોલિસી ( Unvalued Policy ) :

જે વસ્તુની પોલિસી લેવામાં આવી હોય તેની કિંમત પોલિસી લેતી વખતે
દર્શાવાતી કે નક્કી કરવામાં આવતી નથી . પરંતુ જ્યારે નુકસાન થાય ત્યારે તેની
કિંમત નક્કી કરવામાં આવે છે તેને અમૂલ્યાંકિત પોલિસી કે ખુલ્લી પોલિસી
કહેવામાં આવે છે . ખાસ કરીને જ્યારે બદલાતી જતી વ્યાપારી પરિસ્થિતિ તેમ જ

નફા અને ખર્ચની અનિશ્ચિતતાને લીધે માલની કિંમત અગાઉથી નક્કી થઈ શકતી નથી ત્યારે અમૂલ્યાંકિત પોલિસીનો ઉપયોગ થાય છે . નુકસાન થાય તે વખતે જે માલની કિંમત નકકી કરવામાં આવે છે તેને વીમાયોગ્ય કિંમત ( Insurable Value ) કહેવાય છે . અમૂલ્યાંકિત પોલિસી ભાગ્યે જ ઉતારવામાં આવે છે . અમૂલ્યાંકિત પોલિસી લોકપ્રિય નથી .

( ડ ) વીમામાલ , જહાજ કે માલના વર્ણનની દૃષ્ટિએ :

( ૧ ) અનામી પોલિસી ( Unnamed policy ) :

આ પ્રકારની દરિયાઈ પોલિસીમાં જહાજનું નામ , સફરનું નામ કે કેટલીક વાર તો સફરનો માર્ગ પણ જણાવવામાં આવતો નથી . આવી નામ વગરની પોલિસીનો અનામી પોલિસી કહેવાય છે .

( ૨ ) નામવાળી પોલિસી ( Named Policy ) :

જે વીમા પોલિસીમાં જહાજનું નામ , સફરનું નામ , માલની જાત તથા જથ્થાનું વર્ણન અને સફરનો માર્ગ વગેરે જણાવ્યું હોય તેને નામવાળી પોલિસી કહેવાય છે .

( ૩ ) સમૂહ પોલિસી ( Fleet policy ) :

જુદા જુદા જહાજની જુદી જુદી પોલિસી લેવાને બદલે જહાજના સમગ્ર
ડાફલાની એક સમૂહ અથવા સામૂહિક પોલિસી લેવામાં આવે તેને સમૂહ પોલિસી
કહેવાય છે . જહાજ કંપની આવી પોલિસી વિશેષ પંસદ કરે છે . સમૂહ પોલિસીમાં
જહાજોના ડાફલાના દરેક જહાજની સરોરાશ જાત અને સ્થિતિ ઉપર સરેરાશ
પ્રીમિયમની ગણતરી થાય છે . વીમાદાતાએ આખા જહાજના ડાફલાના વીમાનો
સ્વીકાર કે અસ્વીકાર કરવો પડતો હોવાથી આ પોલિસી દ્વારા જૂના , નબળા કે
સદ્ધર જહાજોનો વીમો એકી સાથે ઉતરાવી શકાય છે .

( ૪ ) તરતી પોલિસી ( Floating policy ) :

જે વેપારીને દરિયા માર્ગે મોટી કિંમતનો માલ છૂટક ચૂટક મોકલવાનો
હોય તે એક મોટી રકમની દરિયાઈ તરતી પોલિસી લે છે . આ પોલિસીમાં સામાન્ય
વીમાની વિગતો હોય છે . પરંતુ જહાજનું નામ , કયા માલનો વીમો ઉતરાવવામાં
આવ્યો છે તે ચોક્કસ રીતે દર્શાવવામાં આવતું નથી . જેમ જેમ વેપારી માલની

નિકાસ કરે  તેમ વીમા રકમમાંથી માલ જેટલી કિંમત બાદ થાય છે  અને
બાકીની વીમા રકમ રહે છે . ઉદાહરણ તરીકે એક  વેપારી રૂ . ૫ , ૦૦ , ૦૦૦ ની કિંમતના
નિકાસ કરવાના માલની તરતી પોલિસી લે છે .  જ્યારે માલ જહાજ દ્વારા મોકલાય
ત્યારે વેપારી તેની જાહેરાત કરે  કે અમુક રકમનો માલ મોકલાયો છે તેટલી રકમ
વીમા પોલિસીમાંથી બાદ  થાય છે .  જેમ  જેમ  વધુ મોકલાય  તેમ  તેમ પોલિસીની
કિંમત ઘટતી જાય છે .  જ્યારે ૫ , ૦૦ , ૦૦૦ નો માલ મોકલાઈ રહે છે  ત્યારે પોલિસી
પૂરી થઈ ગણાય છે .

*

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -